પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૩૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૭-૦૯-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 30 PRICE :-RS. 1.50 DATE : 27-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ઓડિશા, આંધ્રપ્રદેશ, પ.બંગાળમાં વાવાઝોડું 'ગુલાબ' તોફાન ત્રાટકે તેવી શક્યતા

નવી દિલ્હી,

હવામાન ખાતાનાં સિનિયર વિજ્ઞાની શુભાંગી ભૂતેએ એવી માહિતી આપી હતી કે ગુલાબ સમુદ્રી તોફાનની તીવ્ર અસરથી આવતા ચાર દિવસ(૨૬,૨૭,૨૮,૨૯-સપ્ટેમ્બર) દરમિયાન કોંકણનાં(મુંબઈ-૨૭,૨૮), થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગ)માં ગાજવીજ સાથે ભારે વર્ષા થવાની શક્યતા છે. ૨૮,સપ્ટેમ્બરે રાયગઢ માટે ઓરેન્જ એલર્ટ(અતિ ભારે વર્ષા) જાહેર કરવામાં આવી છે.જ્યારે ૨૮,સપ્ટેમ્બરે રત્નાગિરિ માટે પણ ઓરેન્જ એલર્ટ(અતિ ભારે



વરસાદ) જાહેર કરવામાં આવી છે. મુંબઈ ઉપરાંત પાટનગર દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, બિહાર જેવા કેટલાય રાજ્યોના વાતાવરણમાં પલટો આવશે અને હળવાથી ભારે વરસાદની શક્યતા છે. તટવર્તીય રાજ્યોમાં માછીમારોને સમુદ્રમાં નહીં જવાની ચેતવણી આપવામાં આવી છે.દરિયામાં સર્જાયેલા ડિપ્રેશને વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ ગુલાબ નામનું વાવાઝોડું આગામી દિવસોમાં ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોના કાંઠે ટકરાય તેવી શક્યતા છે. ઓડિશાના સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યો છે. હવામાન વિભાગે ૨૬થી ૨૯મી દરમિયાન ગુલાબ નામના વાવાઝોડાંની આગાહી કરી છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં આ વાવાઝોડું ત્રાટકશે. ઓડિશા સૌથી વધુ પ્રભાવિત થાય તેવી શક્યતાના પગલે સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરાયો છે. એ સાતેય જિલ્લામાં કુલ ૬૬ બચાવ ટૂકડીઓને તૈનાત કરી દેવામાં આવી છે. હવામાન ખાતાના ડાયરેક્ટર જયંત સરકારે આપેલી માહિતી પ્રમાણે બંગાળના ઉપસાગરમાંનું ડીપ ડીપ્રેશન આજે છેલ્લા છ કલાક દરમિયાન સાત કિલોમીટરની ગતિએ પશ્ચિમ દિશા ભણી આગળ વધ્યું હતું. ત્યારબાદ આજે સાંજે ૫-૩૦ કલાકે ગોપાલપુર(ઓડીશા)થી ૩૭૦ કિલોમીટરના અંતરે અને કલીંગપટ્ટણમ(આંધ્ર પ્રદેશ)થી ૪૪૦ કિલોમીટરના અંતરે સ્થિર થયું હતું. ગુલાબ સાયક્લોન ૨૬,સપ્ટેમ્બરે સાંજે પશ્ચિમમાં વધુ આગળ વધીને કલીંગપટ્ટણમ અને ગોપાલપુર વચ્ચેથી આગળ વધે તેવી સંભાવના છે. ૨૬ સપ્ટેમ્બર દરમિયાન પવન ૭૦થી ૮૫ કિલોમીટર(પ્રતિ કલાક)ની તીવ્ર ગતિએ ફૂંકાય તેવી પણ ચેતવણી આપવામાં આવી છે. જોકે, ૨૭મી સપ્ટેમ્બરે ગુલાબ સાયકલોનની તીવ્રતા તબક્કાવાર મંદ પડશે અને ડીપ ડીપ્રેશનમાં અને ત્યારબાદ ડિપ્રેશનમાં ફેરવાઈ જવાની પણ સંભાવના છે.

## 'ગુલાબ' વાવાઝોડાને કારણે ઓડિશા-બંગાળમાં ભારે વરસાદ ઓરેન્જ એલર્ટ જાહેર

વાવાઝોડાના કારણે ઓડિશામાં ૨૫ અને ૨૮ સપ્ટેમ્બરના રોજ હળવા વરસાદ સાથે અનેક જિલ્લામાં ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (IMD)ના અહેવાલ પ્રમાણે ગુલાબ નામનું એક વાવાઝોડું રવિવારે સાંજે દક્ષિણી ઓડિશા અને ઉત્તરી આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારોમાં ત્રાટકી શકે છે. આ બધા વચ્ચે વાવાઝોડાની તીવ્રતા વધી ગઈ છે અને યેલો એલર્ટને અપડેટ કરીને ઓરેન્જ એલર્ટ કરી દેવામાં આવ્યું છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ઉમાશંકર દાસના કહેવા પ્રમાણે વાવાઝોડાને લઈ આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં ચેતવણી જાહેર કરવામાં આવી છે. ગુલાબ વાવાઝોડું દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશના તટીય વિસ્તાર કલિંગાપટનમ પાસે રવિવારે સાંજે લેંડફોલ કરશે. આ દરમિયાન ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ઓરેન્જ એલર્ટમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવતી હોય છે. આ બધા વચ્ચે ઉત્તર-પશ્ચિમ અને તેને અડીને આવેલા પશ્ચિમ-મધ્યમ બંગાળની ખાડી પરનું ડીપ ડિપ્રેશન લગભગ પશ્ચિમ તરફ વધી ગયું જેથી ગુલાબ વાવાઝોડું વધારે તેજ બન્યું છે. ગુલાબ વાવાઝોડાના કારણે પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કોલકાતા, હાવડા, દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણાની સાથે પૂર્વીય મિદનાપુરમાં મંગળવારથી ભારે વરસાદનું અનુમાન છે. કોલકાતા પોલીસે વાવાઝોડાનો સામનો કરવા માટે યુનિફાઈડ કમાન્ડ સેન્ટર નામથી કંટ્રોલ રૂમ ખોલ્યો છે.

# ગુજરાતમાં દારૂના વેપલા માટે મોટાપાયે સગીરોનો ઉપયોગ

અમદાવાદ,

રાજ્યમાં કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરોનો આંકડો ૨૦૧૮માં ૨૦૪૦, ૨૦૧૯માં ૨૦૨૫ હતો. જો કે, ૨૦૨૦માં આ આંકડો ઘટીને ૧૮૧૨નો થયો છે. ચોરી, ઘરફોડ ચોરી, ધાડ, મહીલાઓ પર હુમલો, હત્યા, હત્યાની કોશિષ, અજાણતા થયેલો સાઅપરાધ મનુષ્યવધ, મારામારી, ધાકધમકી, તોફાનો, આત્મહત્યા માટે દુષ્પ્રેરણ, દુષ્કર્મ, સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય જેવા ગંભીર પ્રકારના ગુનામાં રાજ્યાના સગીરો કાયદાના સંઘર્ષમાં આવ્યા છે. દેશના અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતના સગીરોનો નંબર અમુક પ્રકારના ગુનાઈત કૃત્યમાં આગળ પડતો છે. જેમાં હત્યાના મામલામાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ બાદ ગુજરાતનો નંબર આવે છે. આત્મહત્યા માટે દુષ્પ્રેરણ અને હત્યાની કોશિષ જેવા ગુનાઓના મામલામાં સગીરોની સંડોવણી અંગે ગુજરાતનો દેશમાં પાંચમો ક્રમ છે. તોફાનો અને જાહેર શાંતિના ગુનાના કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરો મામલે મહારાષ્ટ્ર બાદ ગુજરાતનો નંબર છે. ગુજરાતમાં ૨૦૨૦માં સગીરો લૂંટના ૩૨, ધાડના ૧૨, બ્લેકમેઈલીંગ અને ખંડણીના ૪, પ્રોપર્ટીના ૫૪૯, પ્રોપર્ટી ફ્રોડના ૧૩, ડોક્યુમેન્ટ ફ્રોડના ૧૩, જાહેર સેવક દ્વારા જારી હુકમનો અનાદર ૮૪, પુરઝડપે વાહન હંકારવાના ૪૪, જાહેર રોડ પર અડચણના ૨૨, ધાકધમકીના ૧૪૨ જેટલા મામલામાં કાયદાના સંઘર્ષમાં આવેલા છે.ગુજરાતમાં દારૂબંધીના કડક અમલની બાંગો વચ્ચે પણ બુટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે સગીરોનો ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો ખુલાસો એનસીઆરબી (નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો) ના રિપોર્ટમાં થયો છે. પ્રોહીબીશનના ૮૯ અને ડ્રગના એક કેસમાં સગીરો કાયદાના સંઘર્ષમાં આવ્યાનો રિપોર્ટમાં જણાવ્યું છે. રાજ્યમાં ગુનાઈત પ્રવૃત્તીમાં સગીરોનું પ્રમાણ ઘટયું પણ અન્ય મેટ્રો સીટીની તુલનામાં અમદાવાદ અવ્વલ હોવાનું એનસીઆરબીના આંકડા પરથી સ્પષ્ટ થાય છે. રાજ્યમાં કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરોના કેસનો આંકડો ૨૦૨૦માં ઘટીને ૧૮૧૨ થયો છે. જો કે, રાજ્યમાં ગુનાઈત કૃત્યમાં અમદાવાદી સગીરોનું પ્રમાણ વધ્યું છે જેના પગલે સમગ્ર દેશમાં મેટ્રો સીટીમાં દિલ્હી બાદ અમદાવાદનો નંબર છે. રાજ્યમાં ચોરીના ૪૦૦, હત્યાના ૬૬, હત્યાની કોશિષના ૬૬, પ્રોહીબીશનના ૮૯ અને એનડીપીએસના એક કેસમાં સગીરોની સંડોવણી નોંધાઈ છે. કાયદાના સંઘર્ષમાં આવેલા ૨૧૭૧ બાળકોમાંથી ૨૦૯૯ બાળકો માતા-પિતાની છત્રછાયામાં રહેતાં હોવા છતાં પણ ગુનાઈત કૃત્યમાં સંડોવાયા તે સમાજ માટે ચિંતાનો વિષય છે. ગુનાઈત કૃત્ય આચરી કાયદાના સંઘર્ષમાં આવેલા અભણ કિશોરો કરતાં પ્રાયમરી સુધી કે મેટ્રીક સુધીનું શિક્ષણ મેળવનાર સગીરોની સંખ્યા વધુ છે.

# ભારતની પ્રગતિથી વિશ્વના વિકાસને વેગ મળશે : મોદી

સંયુક્ત રાષ્ટ્ર,

વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્ર પર પણ હુમલો કરતાં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના વિસ્તાર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રે પોતાને પ્રાસંગિક બનાવી રાખવું હશે તો તેણે પોતાની અસરકારક્તા સુધારવી પડશે. વિશ્વસનિયતા વધારવી પડશે. યુએન સામે આજે અનેક પ્રકારના સવાલો ઊભા થઈ રહ્યા છે. આપણે જળવાયુ સંકટ અને કોરોના મહામારી દરમિયાન આ સવાલો જોયા છે. દુનિયાના અનેક ભાગોમાં ચાલી રહેલા AÈ યુદ્ધ અને વર્તમાન અફઘાન સંકટે આ સવાલોને વધારી દીધા છે. ભારતના મહાન રણનીતિકાર ચાણક્યે કહ્યું હતું કે યોગ્ય સમયે યોગ્ય કામ કરવામાં ન આવે તો સમય જ તે કામની સફળતાને નષ્ટ કરી દે છે. સંયુક્ત રાષ્ટ્રે પોતાને પ્રાસંગિત બનાવી રાખવી હશે તો તેણે પોતાની પ્રભાવશીલતામાં સુધારો કરવો પડશે અને પોતાની વિશ્વસનીયતા વધારવી પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬મા સત્રને સંબોધન કરતાં



આતંકવાદના મુદ્દે પાકિસ્તાનનું નામ લીધા વિના તેની ઝાટકણી કાઢી હતી અને ચીનની પણ ટીકા કરતાં કહ્યું કે આપણા સમુદ્ર આપણી સંયુક્ત વિરાસત છે, તેથી આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે ઓસિયન રિસોર્સનો આપણે ઉપયોગ કરીએ, દુરુપયોગ નહીં. અફઘાનિસ્તાનનો મુદ્દો ઊઠાવતાં પણ તેમણે ફરી એક વખત કહ્યું કે, અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ આતકંવાદ ફેલાવવા માટે થવો જોઈએ નહીં. આ સિવાય વડાપ્રધાન મોદીએ કોરોના, જળવાયુ પરિવર્તન, લોકતંત્ર જેવા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા પ્રવાસના અંતિમ દિવસે સંયુક્ત રાષ્ટ્રના ૭૬મા સત્રને સંબોધન કરતાં કહ્યું હતું કે અફઘાનિસ્તાનની ધરતીનો આતકંવદા માટે ઉપયોગ ન થાય તેનું આપણે ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. વધુમાં આપણે એ બાબતે પણ સાવધ રહેવું જોઈએ કે ત્યાંની નાજૂક પરિસ્થિતિઓનો ઉપયોગ કોઈ દેશ પોતાના સ્વાર્થ માટે આતંકવાદનો એક ટૂલની જેમ ઉપયોગ ન કરે. અત્યારે અફઘાનિસ્તાનની જનતાએ ત્યાંની મહિલાઓ, બાળકો અને લઘુમતીઓની મદદ કરવાની જરૂર છે. આપણે પણ તેમાં આપણી જવાબદારી નીભાવવી જોઈએ. વડાપ્રધાન આતંકવાદ મુદ્દે પાકિસ્તાનનું નામ લીધા વિના તેના પર નિશાન સાધતા કહ્યું કે વિરોધી વિચારસરણી સાથે જે દેશ આતંકવાદનો રાજકીય ઉપરણરૂપે ઉપયોગ કરી રહ્યો છે તેણે સમજવું પડશે કે આતંકવાદ તેમના માટે પણ એટલું જ મોટું જોખમ છે. આજે વિશ્વ સામે વિરોધી વિચારસરણી અને કટ્ટરવાદનું જોખમ વધી રહ્યું છે. આ પરિસ્થિતિઓમાં આખા વિશ્વે વિજ્ઞાન આધારિત તર્ક સંગત અને પ્રગતિશીલ વિચારસરણીને વિકાસનો આધાર બનાવવો પડશે. પીએમ મોદીએ ચીનનું પણ નામ લીધા વિના તેની વિસ્તારવાદી નીતિની ટીકા કરી હતી. તેમણે કહ્યું, આપણા સમુદ્રો આંતરરાષ્ટ્રીય વેપારની જીવાદોરી છે. સમુદ્રી સરહદોનો દુરુપયોગ ન થવો જોઈએ. આપણે સરહદોની વિસ્તારવાદી વિચારસરણી સામે અવાજ ઊઠાવવો જોઈએ. ચીનની સરમુખત્યારશાહી વ્યવસ્થાને દર્પણ બતાવતાં વડાપ્રધાને ભારતના લોકતંત્રના ભરપૂર વખાણ કર્યા હતા. અમેરિકાના ઉપપ્રમુખ કમલા હેરીસે દુનિયામાં લોકતંત્રો જોખમમાં મૂકાયા હોવા અંગે કરેલા નિવેદન વચ્ચે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, તેઓ એવા દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે જેને લોકતંત્રની માતા બનવાનું ગૌરવ હાંસલ છે. ભારતમાં લોકતંત્રની પરંપરા હજારો વર્ષો જૂની છે. અમારી વિવિધતા અમારા સશક્ત લોકતંત્રની ઓળખ છે. ભારત એક એવો દેશ છે જ્યાં અનેક ભાષાઓ છે, સેંકડો બોલીઓ છે, અલગ અલગ પહેરવેશ અને ખાન-પાન છે. આ વાઈબ્રન્ટ લોકતંત્રનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે વધુમાં કહ્યું કે એ ભારતના લોકતંત્રની જ તાકત છે કે એક સમયે રેલવે સ્ટેશન પર ચા વેચતો એક નાનો બાળક આજે ચોથી વખત વડાપ્રધાન તરીકે સંયુક્ત રાષ્ટ્રને સંબોધન કરી રહ્યો છે.

# શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં સરેરાશ ૬૫.૮૩ ટકા મતદાન થયું

અમદાવાદ,

રાજ્યના કુલ ૧૦૮ કેન્દ્રો પર મતદાન પ્રક્રિયા યોજાઈ હતી. ૭ બેઠકોના મળીને કુલ ૭૬,૧૭૫ મત હતાં. જેમાં આચાર્યની બેઠકમાં ૪,૨૧૮ મતમાથી ૩,૩૮૬ મત પડયાં હતા. ઉ.બુ.શાળાના આચાર્ય-શિક્ષકની બેઠકમાં ૨,૪૩૨માથી ૨,૦૦૦, માધ્યમિક શિક્ષકની બેઠકમાં ૨૬,૧૦૮માથી ૧૭,૩૬૪ મત, વહીવટી કર્મચારીની બેઠકમાં ૧૫,૦૫૪માથી ૮,૫૬૫ મત, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકની બેઠકમાં ૧૭,૦૦૬માથી ૧૧,૪૯૫ મત, સંચાલક મંડળની બેઠકમાં ૬,૦૮૬માથી ૪,૫૨૨ મત તેમજ વાલી મંડળની બેઠકમાં ૫,૨૭૧માથી ૨,૮૧૬ મત પડયાં હતા.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની કુલ ૯ બેઠકોમાથી ૨ બેઠક બિનહરીફ થતાં આજે શનિવારે ૭ બેઠક માટે મતદાન યોજાયુ હતુ. કુલ ૭૬,૧૭૫ મતદારોમાથી ૫૦,૧૪૮એ મત આપ્યો હોવાથી સરેરાશ ૬૫.૮૫ ટકા મતદાન થયું હતુ. જેમા સૌથી વધુ ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષક-આચાર્યની બેઠકમાં ૮૨.૨૩ ટકા મત પડયાં હતા જ્યારે સૌથી ઓછા માત્ર ૫૩.૪૨ ટકા મત વાલી મંડળની બેઠકમાં પડયાં હતા. મતદાન પ્રક્રિયા આજે પૂર્ણ થઈ છે હવે મંગળવારે દિવસ દરમિયાન મતગણતરી થશે અને સાંજે પરિણામ જાહેર કરાશે.

# કેન્દ્રીય ગૃહ મંત્રાલયની નક્સલ પ્રભાવિત રાજ્યો સાથે બેઠક

નવી દિલ્હી,

અમિત શાહે બેઠક માટે ૧૦ રાજ્યોના મુખ્યમંત્રીઓને બોલાવ્યા છે જેથી તે રાજ્યોની નકસલી ગતિવિધિઓની માહિતી લઈ શકાય. સાથે જ બેઠકમાં નકસલીઓનો સામનો કરવા માટે ભરવા પડતા પગલાંઓ અંગે પણ ચર્ચા થશે. બેઠકમાં છત્તીસગઢ ઉપરાંત ઝારખંડ અને ઓડિશા પર વિશેષ ભાર આપવામાં આવશે. કેન્દ્ર ઈચ્છે છે કે, છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા દળોના અભિયાન તેજ કરવામાં આવે. રાજ્ય પોલીસ ઓપરેશનનું નેતૃત્વ કરે છે. પરંતુ કેટલાક લોકોના મતે બઘેલ સરકારમાં આ ઓપરેશન્સની સંખ્યા ઘટી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રવિવારે નક્સલ પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે એક બેઠક યોજી છે. ગૃહ મંત્રી અમિત શાહ આ મુખ્યમંત્રીઓ સાથે નક્સલ પ્રભાવિત વિસ્તારોની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. એક અહેવાલ પ્રમાણે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ આ બેઠકમાં સામેલ નહીં થાય. જ્યારે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આ બેઠકમાં સહભાગી બની રહ્યા છે. ઉદ્ધવની સાથે આ બેઠકમાં મહારાષ્ટ્રના મુખ્ય સચિવ સીતારામ કુંતે અને ડીજીપી સંજય પાંડે પણ સામેલ થશે. જોકે છત્તીસગઢના બે પ્રતનિધિઓ પણ આ બેઠકમાં સામેલ થઈ રહ્યા છે. રાજ્યના ડીજીપી અને ચીફ સેક્રેટરી દિલ્હીમાં છે અને તેઓ આ બેઠકમાં સામેલ થશે. બઘેલનો આજે દિલ્હી જવાનો કાર્યક્રમ નથી. તેઓ મહાસમુંદ જશે અને ત્યાં સ્થાનિક કાર્યક્રમોમાં સહભાગી બનશે. આ બેઠક દિલ્હી ખાતેના વિજ્ઞાન ભવનમાં યોજાશે. ઉદ્ધવ ઠાકરે મીટિંગમાં સહભાગી બનવા દિલ્હી એરપોર્ટથી વિજ્ઞાન ભવન જશે. આ બેઠક ૨:૦૦ વાગ્યા સુધી ચાલશે. ત્યાર બાદ તેઓ મહારાષ્ટ્ર જવા રવાના થશે. ગૃહ મંત્રી અમિત શાહ આ બેઠકની અધ્યક્ષતા કરશે.

# નવરાત્રિની ખરીદી માટે ખેલૈયાઓમાં થનગનાટ

અમદાવાદ,

કોરોના મહામારીના લીધે છેલ્લા બે વર્ષથી તમામ તહેવારોની ઉજવણી ઉપર પ્રતિબંધ હતા. હવે કોરોનાના દૈનિક કેસો ઘટીને હવે સાવ ઓછા થયા હોવાથી આ વર્ષે ચોક્કસ નિયમો સાથે નવરાત્રિની ઉજવણી કરવા માટે છૂટ આપવામાં આવી છે. એટલે કોરોના મહામારી દેશ અને દુનિયામાંથી નાબૂદ થાય તેવી પ્રાર્થના સાથે ગરબે ઘૂમાવા અત્યારથી ખેલેયાઓએ તૈયારીઓ શરૃ કરી દીધી છે. ગરબાની તૈયારી કરવા યુવતીઓએ માણેકચોક ખાતે અવનવી જ્વેલરી અને પાનકોરનાકા સહિતના બજારોમાં ગરબાના ડ્રેસની ખરીદી કરવાનું અત્યારથી શરૃ કરી દીધું છે. કોરોના મહામારીના પ્રતિબંધની જંજીરો છૂટતાં ગરબે ઘુમવા ખેલેયાઓમાં થનગનાટ જોવા મળી રહ્યો છે.



ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર દ્વારા યોજાયેલા રાષ્ટ્રીય શિક્ષા નીતિ ભારતીય ભાષાઓ અને સાહિત્યના વિશેષ સંદર્ભમાં વિષય ઉપર શરૂ થયેલી બે દિવસીય કાર્યશાળાનો પ્રારંભ કરાવતા ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત...

# IT-GSTના રિટર્નમાં આવક ઓછી બતાવનારને નોટિસ

નવી દિલ્હી,

રેવન્યુ હેઠળ આવતા તમામ વિભાગો વચ્ચે કાર્યવાહી કરવા માટેના કરાર કરવામાં આવ્યા હતા. તે અંતર્ગત ઈક્રમટેક્સ દ્વારા કરચોરી કરવા માટેની કાર્યવાહી પાર પાડવામાં આવતા બાદ તેણે જીએસટીની ચોરી કરી છે કે નહીં તેની વિગતો આપોઆપ જીએસટી વિભાગને મળી જાય તેવી વ્યવસ્થા ઉભી કરી દેવામાં આવી છે. જોકે અત્યાર સુધી આ કાર્યવાહી કરવામાં આવતી નહોતી. પરંતુ હવેથી આ કાર્યવાહીની શરુઆત કરીને કરદાતાઓને નોટીસ મોકલવામાં આવી રહી છે. આઈટી અને જીએસટીના ડેટા આપલેના કરાર બે વર્ષ પહેલા કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ કોરોનાના લીધે આઈટી અને જીએસટી દ્વારા આ પ્રકારની કામગીરી કરવામાં આવતી નહોતી. જ્યારે હવે કોરોનાની સ્થિતી હળવી થવાની સાથે સાથે સરકારની આવકમાં પણ વધારો થાય તે માટેના તમામ પ્રયાસો પુરજોશમાં શરુ કરી દેવામાં આવ્યા છે. તેના પરીણામ સ્વરુપે જ હવે રીટર્નના ડેટમાં વિસંગતતા જોવા મળતા તમામ કરદાતાઓએ નોટીસનો સામનો કરવો પડવાનો છે.જીએસટી અને ઈક્રમટેક્સ વિભાગ વચ્ચેના ડેટા આપલે કરવાના કારણે હવે કરદાતાઓને નોટીસ મોકલવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. કારણ કે કેટલાક કરદાતાઓ ઈક્રમટેક્સ બચાવવા માટે ઓછી આવક દર્શાવી હોવાના કારણે અથવા તો જીએસટી રીટર્ન ભર્યા બાદ બંનેના ડેટામાં તફાવત જોવા મળતા સિસ્ટમ દ્વારા જ કરદાતાને નોટીસ મોકલવાની કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે. તેમજ સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક કરદાતાઓને આવી નોટીસ મળતા દોડતા થઈ ગયા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. એન. ડામોર

મુ. મેખર,
તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એસ. એ. અલીઠા

મુ. સુલીયાત,
તા. મોરવા(હ)

## એફિડેવિટ...

આથી નીચે હું સહી કરનાર પટેલ નિરાલીબેન અશોકભાઈ વર્ષ–આશરે ૨૫ વર્ષ, ધંધો –ખેતી, ધર્મ–હિન્દુ , રહેવાસી–વિરણિયા, તાલુકો લુણાવાડા, જિલ્લો–મહિસાગર

આજરોજ લુણાવાડા ખાતે સંબંધિત ઓથોરિટીઓ રૂબરૂ હાજર થઈ મારા ધર્મના સોગંધ ઉપર જાહેર કરૂ છુ કે, મેં હાલ સુધીમાં જી.એન.એમ.નો અભ્યાસ કરેલ છે. અભ્યાસ બાદ તેની દરેક વર્ષ/પરીક્ષાની માર્કશીટ મેળવેલ હતી. પરંતુ ભુલથી અને શસ્તચુકથી એ વિરણિયા ચોકડી જતા ખોવાઈ ગયેલ હતી અને ખુબ શોધખોળ કરવા છતાં પણ મળેલ નથી. જેની વિગત નીચે મુજબ છે.

1. GNCREGISTRATION જેનો રજી.નંબર A-1/H-1-20538
2. DIPLOMA CERTIFICATE NO-23456

અને જો મળી આવશે તો અમે તેનો કોઈ દુરૂપયોગ કરશુ નહિ. સદર એફિડેવિટ અમોએ સક્ષમ અધિકારી સમક્ષ આજે હાજર રહી ડુપ્લિકેટ માર્કશીટ લેવા અરજી કરેલ છે.

ઉપર જણાવેલ તમામ માહિતી સાચી અને ખરી છે. સોગંદ ઉપર ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુનો બને છે જેની મને સંપુર્ણ જાણ છે.

સ્થળ : લુણાવાડા તા.૨૧/૦૯/૨૦૨૧

### ગુમ થઈ ગયેલ માર્કશીટોની યાદી

| | |
|---|---|
| 1. GNM 1st MARKSHEET | (2)(1 FAIL-SR-NO.DN-15(001798)+ (1 PASS SR-NO.DN-15(003662) |
| 2. GNM 2nd MARKSHEET | (2)SR.NO DN-1G-(000245) |
| 3. GNM 3rd MARKSHEET | (2)(1 FAIL +1 PASS)SR NO DN-17(3702) |
| 4. FOURTH YEAR (SCHOOL EXAM) | (1)SR-NO DN-18(0.2339) |
| 5. GNC REGISTRATION | (1)A-1/--20538 |
| 6. DIPLOMA (CERTIFICATION)- | (1)23459 |

Patel Nirali Ashokbhai
Po-Viraniya,At-Viraniya,Ta-Lunawada,Dist-Mahisagar (Pin Code-389230)
Mo-9313893225-9824910276

# કાશ્મીરમાં બે આંતકીઓ ઠાર

શ્રીનગર,

સુરક્ષાદળોને બાંદીપુરા વિસ્તારમાં આતંકીઓની હાજરી અંગે બાતમી મળી હતી અને પછી સમગ્ર વિસ્તારને ઘેરી લઈને સર્ચ ઓપરેશન શરુ કરાયુ હતુ.સુરક્ષાદળો પર આતંકીઓએ ગોળીઓ વરસાવી હતી.જેનો જવાનોએ સામે જવાબ આપ્યો હતો.આ દરમિયાનમાં બે આતંકીઓને સુરક્ષાદળોએ ઢાળી દીધા હતા. સ્થળ પરથી હથિયારો અને દારુગોળો પણ મળી આવ્યો છે.સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન યથાવત છે.જમ્મુ કાશ્મીરમાં બાંદીપુરા જિલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે.સુરક્ષાદળો સાથેના એન્કાઉન્ટરમાં બે આતંકીઓ માર્યા ગયા છે અને પૈકીનો એક ભાજપના નેતાની હત્યાનો આરોપી હતો. પોલીસે કહ્યુ હતુ કે, મરનાર આબિદ લશ્કર એ તોયબાનો જિલ્લા કમાન્ડર હતો.જ્યારે અન્ય એક આતંકી આઝાદ ૮ જુલાઈએ ભાજપના નેતા શેખ વસીમ બારી, તેમના ભાઈ ઊમર સુલતાન તેમજ બશીર અહેમદ શેખની હત્યામાં સામેલ હતો.મરનારા આતંકીઓ પાસે મોટા પાયે દારુગોળો પણ મળી આવ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# ધી સંત તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ સંતરામપુરની ૬૩ મી વાર્ષિક સાધારણ સભા મળી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

ધી સંત તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ સંતરામપુરની ૬૩ મી વાર્ષિક સાધારણ સભા આજરોજ તારીખ-૨૬/૯/૨૦૨૧ ને રવિવારે સવારના ૧૧:૦૦ કલાકે સોસાયટીના ચેરમેન શાંતિલાલ એચ સહાનીના અધ્યક્ષ સ્થાને મળી જેમાં અર્બુદાધામ વાવો ખાતે મા અર્બુદાના સાનિધ્યમાં સભાસ્થળે સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ ૧૫૦ જેટલા સભાસદો એ હાજરી આપી તેમજ ઓનલાઈન google meetના માધ્યમથી અંદાજિત ૧૦૦ જેટલા સભાસદો જોડાયા સભાની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવી એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ થતા ગત તા.૨૧/૮/૨૦૨૧ ની સાધારણ સભાનું પ્રોસીડીંગ વંચાણે લેતા બહાલી આપવામાં આવી આજની સભામાં સ્થાનિક ઓડિટરઓ દ્વારા ઓડિટ રિપોર્ટ વંચાણે લેતા સોસાયટીની કાર્યપ્રણાલી તેમજ કામગીરીથી સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો આજની સભામાં સભાસદોના હિતમાં સભાસદ વિમા સહાય ૪૧૦૦૦ થી વધારી ૫૧૦૦૦ કરવામાં આવી સંતરામપુર તાલુકામાંથી મનસુખભાઈ ભાભોર, લક્ષ્મણભાઈ ખાંટ, વિનુભાઈ પટેલ, કનૈયાલાલ પટેલ, ફતેપુરા તાલુકામાંથી સુખલાલભાઈ પરમાર, સુરેશભાઈ પંચાલ, રમણભાઈ પટેલ, મહેન્દ્રભાઈ લવાણા, કડાણા તાલુકામાંથી મનસુખભાઈ પટેલીયા, પરસોત્તમભાઈ પટેલ વિગેરે એ ચર્ચામાં ભાગ લઈ મંડળીની કાર્યપ્રણાલી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો તેમજ ખામીઓ પ્રત્યે ધ્યાન દોરી જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હરેશભાઈ પટેલે સભામાં હાજર તેમજ ઓનલાઈન જોડાયેલ તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યઓ ત્રણ તાલુકાના સંગઠનના હોદ્દેદારો ઓડિટરઓ તેમજ તમામ સભાસદોનો આભાર વ્યક્ત કરી સભા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી સમગ્ર સભાનું સંચાલન મનસુખભાઈ ભાભોર દ્વારા કરવામાં આવ્યું.

# હાલોલ તાલુકા પંચાયતના (IRD)શાખાના ચોથા વર્ગના કર્મચારીને ૧૭ ઓક્ટોબર ૧૯૮૮ના પરીપત્ર મુજબ લાભ આપવા હાઈકોર્ટ દ્વારા હુકમ

હાલોલ,

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતે આવેલજિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તાબા હેઠળ તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત (આઈ.આર.ડી) હાલોલમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા કાનાભાઈ કે. બારીયાને તા.૧૭- ૧૦-૮૮ ના પરિપત્ર મુજબ ના લાભો આપવા અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ.

પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતે આવેલ નિયામક જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તાબા હેઠળનીતાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત (આઈ.આર ડી. ડી શાખા) હાલોલની કચેરીમાં તા.૧૬-૭-૮૫ થી પટાવાળા તરીકે ફરજ બજાવતા કાનાભાઈ કે.બારીયાએ લાંબા સમયની નોકરી હોવા છતાં સરકારના તારીખ ૧૭-૧૦-૮૮ના પરિપત્ર મુજબ લાભોથી વંચિત રાખતા અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈ દ્વારા ગોધરા નામદાર મજુર અદાલત સમક્ષ પરિપત્ર ના લાભો મેળવવા રેફ. (ડી) નં.૩૩/૯૯ દાખલ કરેલ. જે કામે એડવોકેટ સીતેષ ભોઈ તથા વૈભવ આઈ. ભોઈ વિગેરે હાજર રહી તે કામે દલીલો કરતા જે તે સમયના ન્યાયાધીશ કુમારી રમીલાબેન કે. સોલંકી સાહેબ આંક-૪૮ થી તારીખ ૧૫-૧-૧૮ના રોજ પરિપત્ર મુજબના લાભો આપવાનો આખરી આદેશ કરેલ. જે આદેશનો અમલ કરવા માટે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન દ્વારા નોટિસ આપવામાં આવેલ તેમ છતાં તેઓએ આદેશનો અમલ કરેલ નથી. પરંતુ નામદાર મજુર અદાલત ગોધરા ખાતે થયેલા હુકમને પડકારવા સામા વાળાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નંબર ૧૩૭૯૮/૧૮ દાખલ કરેલ. જે અરજી ચાલી જતા મજુર અદાલત ગોધરા ખાતેનો હુકમ યથાવત રાખી તે હુકમને મોડીફાય મોડીફાઈ કરતા અરજદારની નોકરીની દાખલ તારીખ થી પાંચ વર્ષ પૂર્ણ થયેથી તેઓને તારીખ ૧૭- ૧૦- ૮૮ ના પરિપત્ર મુજબના પૂરેપૂરા લાભો આપવા માનનીય ન્યાયમૂર્તિ ભાર્ગવ ડી. કારીયા સાહેબે તારીખ ૨૦-૬-૧૯ના રોજ હુકમ પરંતુ તે હુકમથી સામાવાળા નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગોધરા તથા તાલુકા વિકાસ અધિકારી આઈ.આર. ડી. શાખા હાલોલ દ્વારા એલ.પી.એ.નં.૭૩૪/૨૧ in સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નંબર ૩૪૦૭૨૦ વિથ સી.એ. (ફોર ઈન્ટ્રીમ રીલીફ) નં.૧૨૦ દાખલ કરેલ. જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ આર.એમ. છાયા સાહેબ તથા નિઝર દેસાઈ સાહેબની કોર્ટ સમક્ષ ચાલી જતાં અરજદાર તરફે એડવોકેટ દિપક આર. દવેએ દલીલો કરતા તે દલીલો ધ્યાને લઈ તા.૧૭-૯-૨૧ના રોજ હુકમ કરતા સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નંબર ૧૩૭૯૮/૧૮ ના કામે થયેલો હુકમ યથાવત રાખેલ. જેમાં અરજદારને ૧૭-૧૦-૮૮ના પરિપત્ર મુજબના લાભો અને પગાર તફાવતની રકમ પણ ચૂકવવામાં આવશે. જે આદેશથી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

# લુણાવાડા ઘંટિયાવાડાના ધર્મેન્દ્રસિંહ બિહોલા એ ડોકટરની પદવી મેળવી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા, જિ.મહીસાગરના મૂળ નિવાસી ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બિહોલા હાલ જે એલ.ડી. ઇજનેરી કોલેજ, અમદાવાદ ખાતે સહાયક પ્રાધ્યાપક ટેક્ષટાઇલ ટેકનોલોજી તરીકે ફરજ બજાવે છે. તેમણે "STUDY ACOUSTIC PROPERTIES OF ESTABRAGH KAPOK NATURAL FIBER FABRIC FOR TECHNICAL USES" ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં પ્રોફેસર (ડો)એસ.એસ. ભટ્ટાચાર્ય સર ના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ (Ph.D.) રજુ કર્યો હતો અને સફળતાપૂર્વક ડોક્ટરની પદવી મેળવી ગામ.ઘંટીયાળ, તાલુકો. લુણાવાડા, જિલ્લો. મહીસાગર પંથક તેમજ સમગ્ર બિહોલા સમાજ નું ગૌરવ વધાર્યું છે. સરકારી ઈજનેરી કોલેજ ગોધરાના ઈન્ચાર્જ આચાર્ય પ્રો.એ.કે. પટેલ અને મિકેનિકલ વિભાગના સહાયક પ્રાધ્યાપક પ્રો.હાર્દિક શુક્લને પણ પ્રો.(ડો).ડી.વી. બિહોલા સાહેબએ પોતાની textile/innovative fabric design ફિલ્ડની expertiseનો લાભ સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના વિદ્યાર્થીઓને પણ જયારે જરૂરી હોય ત્યારે મળે તે માટે ખાત્રી આપી હતી. અત્રેએ પણ નોંધનીય છે કે પ્રો.(ડો) ડી.વી. બિહોલા સાહેબની નિમણુંક રાજ્યની સૌથી મોટી યુનિવર્સીટી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીએ ટેકસટાઇલ એન્જીનીયરિંગના બોર્ડ ઓફ સ્ટડીઝ (BOS)માં પણ મેમ્બર તરીકે પણ કરેલ છે.

# શહેરાના ભેસાલ ગામે પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલી કાર્યક્રમ ધારાસભ્ય દ્વારા યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા વિધાનસભા ખાતે શહેરા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય જેઠાભાઈ આહીર ભરવાડ સાહેબના માર્ગદર્શન હેઠળ ભેસાલ મુકામે, માંન.વડાપ્રધાનના મન કી બાત કાર્યક્રમ તથા પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીની જન્મ જયંતિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ પંચમહાલ જીલ્લા ભાજપ ના સહ પ્રભારી સંયુક્તાબેન મોદી તથા જીલ્લા ભાજપના મંત્રી ભાનુબેન બારીયા, તાલુકા ભાજપના પ્રમુખ મગનભાઈ પટેલિયા, મહામંત્રી સંજયકુમાર બારીયા, નટવરસિંહ રાઠોડની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા તથા તાલુકા પંચાયતના સભ્યઓ, સૌ સરપંચઓ, સૌ પદાધિકારીઓ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવરાત્રિમાં ભક્તોજનો માતાનામઢના દર્શન કરી શકશે

કચ્છ,

એસ.ટી. વિભાગ દ્વારા દર વર્ષની જેમ તંત્ર દ્વારા વ્યવસ્થા થશે. જ્યારે પાર્કિંગ માટેની વ્યવસ્થા દર વર્ષ જેમ કરવામાં આવશે. હાલે સેવા કેમ્પો બંધ હોઈ પદયાત્રિકો માટે નાહવા-ધોવા માટે અગવડતા ન પડે તે માટે મઢથી રવાપર આવતા અડધા કિલોમીટરના અંતરે જ્યાં જાગીર ટ્રસ્ટના મેગા કેમ્પ થાય છે. તે જગ્યાએ તેમજ ચાચરાકુંડ પાસે હંગામી સ્નાનઘાટ બનાવવામાં આવશે. જી.એમ.ડી.સી. માતાના મઢ દ્વારા ૨૪ કલાક ફાયર ફાઈટર, એમ્બ્યુલન્સ સહિતની વ્યવસ્થા પૂરી પાડશે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આરોગ્યની કોઈપણ જાતની નુકસાની ન થાય તે માટે પૂરતી તકેદારી રખાશે. જાગીર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ૧૬ ૧૬ એમ કુલ ૩૨ સીસીટીવી કેમેરા બાજ નજર રાખશે. તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા ૨૪ કલાક મેડિકલ સુવિધા, ડોક્ટરની ટીમ, ૧૦૮ સુવિધા રહેશે.કચ્છમાં માતાના મઢ સ્થાનકે બિરાજતી કુળદેવી મા આશાપુરાના દર્શન દ્વાર આ આસો નવરાત્રિમાં ખુલ્લાં રહેશે અને ભક્તો દર્શન કરી શકશે તેના સહિતના મહત્ત્વના નિર્ણય શનિવારે વહીવટી તંત્રના અધિકારીઓ, માતાના મઢ જાગીર ટ્રસ્ટ અને પંચાયતના સત્તાધિશોની હાજરીમાં યોજાયેલી બેઠકમાં લેવાયા હતા. માતાના મઢમાં જાગીર ખાતે નખત્રાણાના નાયબ કલેક્ટર ડો. મેહુલભાઈ બરાસરાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જોકે, તેમની તબિયત બરોબર ન હોવાને કારણે તેમણે ઓનલાઈન હાજરી આપી હતી. સ્થાનિકે મામલતદાર એન.એ. સોલંકીએ જવાબદારી સંભાળી હતી. મા આશાપુરાના દર્શન કરવા માટે લાખો ભક્તો આશ્વિની નવરાત્રિમાં આવતા હોય છે, ત્યારે આ વખતે ભક્તો માને માથું ટેકવી શકશે. ભક્તોના ધસારાને પહોંચી વળવા આ બેઠકમાં મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. તા.૬-૧૦ના ઘટસ્થાપન સાથે તા.૭-૧૦ના નવરાત્રિ પ્રારંભ થશે. તો જાગીર ટ્રસ્ટ દ્વારા ભોજન (પ્રસાદ) પણ ચાલુ રાખવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. આ મુદ્દે વહીવટીતંત્ર દ્વારા ભોજન પ્રસાદ માટે સરકારી ગાઈડલાઈનનો ચુસ્ત અમલીકરણ કરવા જાગીર ટ્રસ્ટને જણાવાયું હતું. માત્ર દર્શન અને પ્રસાદ જ ફક્ત ચાલુ રહેશે જ્યારે મેળો યોજાશે નહીં સાથે સેવા કેમ્પો પણ સેવાભાવિ સંસ્થાઓ આરામ માટે કેમ્પો કરી નહી શકે. PGVCL દ્વારા નવરાત્રિ દરમ્યાન ૨૪ કલાક વીજ પુરવઠો આપવાની ખાતરી અપાઈ હતી. પાણી પુરવઠા દ્વારા ૨૪ કલાક પાણી મળી રહે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે. કલોરિનયુક્ત ચોખા પાણીનું વિતરણ કરાશે. કાયદો અને વ્યવસ્થા જાળવવા ૫૦૦થી વધારે પોલીસ, જી.આર.ડી. મહિલા પોલીસ સહિત તેના તમામ આવતા વિભાગોના પોલીસ કર્મચારીઓ ૨૪ કલાક ખડે પગે સેવા આપશે. મંદિર પર ભક્તો પ્રસાદ સરળતાથી લઈ-જઈ ચડાવી શકે તે માટે ગ્રામપંચાયત દ્વારા ગેટ નંબર ૨ પર અલગથી દુકાનો ફાળવી બજાર ઊભી કરવામાં આવશે જેમાં ભીડ ન થાય તે માટે ગ્રામપંચાયતને સૂચનાનું પાલન કરવાનું રહેશે. દર્શન માટે યાત્રિકોને દર વર્ષની જેમ ગેટ નંબર ૪ પરથી પ્રવેશ કરી શકશે. માતાના મઢમાં આ વર્ષે મેળો નહીં યોજવાનો હોવાથી માત્ર સ્થાનિક વેપારીઓ જ પ્રસાદ સહિતનું વેચાણ કરી શકશે. બહારથી કોઈ વેપારીને પોતાની દુકાન કે ખાણી-પીણી માટે સ્ટોલ નહીં કરી શકે જ્યારે કોઈપણ વેપારી પ્લાસ્ટિકની કોઈપણ વસ્તુનો ઉપયોગ નહીં કરી શકે, પ્રતિબંધ રહેશે.



ગુજરાતમાં ભારે વરસાદના કારણે ચારેકોર રસ્તાઓમાં ખાડા પડવાની ફરિયાદો સામે આવી રહી છે અને લોકો પરેશાન થઈ રહ્યા છે એવામાં રાજધાની ગાંધીનગરમાં પણ ઠેર ઠેર રસ્તાઓ પર ખાડા પડવાથી લોકો પરેશાન થઈ ગયા છે જેમાં ગાંધીનગર માણસા રોડ પર અનેક જગ્યાએ ખાડા પડેલા છે અને ઘણા ખાડા તો ઘણા સમયથી છે પરંતુ તંત્ર આ તરફ કોઈ ધ્યાન કેન્દ્રિત કરતું જ નથી...

# અમદાવાદમાં મનપાના જન્મ-મરણ વિભાગમાં કૌભાંડ

અમદાવાદ,

મહાપાલિકામાં જન્મ મરણ દાખલા વિભાગમાં કામ કરતા આઉટ સોર્શિંગના દિવ્યેશ નામધારીએ કોરોનાકાળ દરમિયાન એક બાળકના દાખલામમાંચેડા કરી નામમાં ફેરફાર કરી આપ્યો હતો. મહાપાલિકાના નિયમો પ્રમાણે એક વખત નામ નોંધાઈ જાય ત્યારબાદ તેમાં કોઈ જ પ્રકારના ફેરફાર થઈ શકતા નથી, પણ ઉપરોક્ત કર્મચારીએ રૂ.૨૫૦૦ લઈને નામમાં ચેડા કરી ફેરફાર કરી આપ્યો હતો. આ અંગે અધિકારીઓએ તપાસ કરી હતી. ગેરરીતિ આચરનાર કર્મચારીને તાકીદે છૂટો કરી દેવાયો હતો. આઅંગે પોલીસને પણ જાણ કરવામાં આવી છે. કમિશનર અમિત અરોરાએ જણાવ્યું હતું કે, સબંધિત કર્મચારી સામે વધુ તપાસ માટે કાર્યવાહી હાથ ધરાઈ છે અને પોલીસ ફરિયાદ પણ કરવામા આવશે.

# સરકારને 'વોટ્સએપ' દ્વારા R&Bના ૧૪૦૦ ઈજનેરોને છૂટા કરે તેવી હૈયા વરાળ

ગાંધીનગર,

વોટ્સએપ ઉપર આવેલી ૨,૪૦૦ જેટલી રજૂઆતો તો માત્ર અમદાવાદ, સુરત જેવા મોટા શહેરો અને નગરપાલિકા, શહેરી વિકાસ સત્તા મંડળ ક્ષેત્રની છે ! શહેરી વિકાસ વિભાગ મુખ્યમંત્રીએ પોતાને હસ્તક રાખ્યો છે. આથી, શુક્રવારનો દિવસ મંત્રીની ચેમ્બરમાં ૭૦૦૦ ફરિયાદોને માર્ગ મકાન અને શહેરી વિભાગની છટણીમાં ગયો હતો.માર્ગ મકાન મંત્રી પૂર્ણેશ મોદીએ રસ્તાની ફરિયાદો માટે 'વોટ્સએપલ્ઞ નંબર જાહેર કર્યો હતો. જેમાં ૭,૦૦૦થી વધુ રજૂઆત મળ્યાનો દાવો થયો છે. સરકારમાં પહેલાથી જ રસ્તાઓની ચકાસણી માટે ૨૦૦ કિ.મી.એ એક ઈજનેર છે. આ વ્યવસ્થા હોવા છતાંયે ભરચોમાસે રોડ પર ડામરનો પેચ મારી પ્રજાના ટેક્સના પૈસાનું પાણી થઈ રહ્યુ છે. માર્ગ મકાન વિભાગમાં કરોડોનો પગાર મેળવતા ૧૪૦૦ ઈજનેરને છુટા કરી સીધા કોન્ટ્રાક્ટરો પાસે કામ કરાવવુ જોઈએ એવી હૈયા વરાળ નાગરીકોએ સોશિયલ મીડિયામાં ઠાલવી છે. પૂર્ણેશ મોદીએ જે રીતે તુટેલા રસ્તાની રજૂઆતો માટે નાગરીકો પાસેથી વોટ્સએપ દ્વારા વિગતો માંગી છે. સચિવાલયમાં ચર્ચા ઊઠી છે કે, આ નવા મંત્રી હવે ધારાસભ્યોને જોબ નંબર, નવા રસ્તાના કામો, ટેન્ડરની શરતો અને કોન્ટ્રાકટર નક્કી કરવા જેવી બાબતોમાં પણ આવી જ રીતે લોકમત જાણીને પારદર્શક વહિવટ કરશે ?

# મુખ્યમંત્રીએ ૪૪માંથી ૪૪ બેઠકો જીતવા આહવાન કર્યુ હતુ

ગાંધીનગર,

ભાજપમાં સૌ પરીવારની ભાવનાથી કામ કરે છે. આખા દેશમાં બધી જ બેઠકો ભાજપ ન જીતે ત્યાં સુધી કાર્યકરોને લડતા રહેવાનું છે તેમ કહીને મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં પેજ પ્રમુખોને ૪૪માંથી ૪૪ બેઠકો જીતવા આહવાન કર્યુ હતુ.મુખ્યમંત્રીપદ સંભાળ્યા બાદ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મ્યુનિસપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપનો પ્રચાર શરૂ કર્યો હતો. કાર્યકરો, ઉમેદવારોને સંબોધતા ''મુખ્યમંત્રી છે એટલે પોણો કલાક બોલવુ જ પડે એવા મૂડમા આપણે ક્યાંય નથી'' એમ કહેતા સિવિલ ઓડિટોરીયમમાં હાસ્યની છોળો ઉછળી પડી હતી. પોતાની પહેલી ચૂંટણી પ્રચાર સભાને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, ''બહુ ભાષણ કરે અને જેને કહેવાય કે મુખ્યમંત્રી છે એટલે પોણો કલાક બોલવુ જ પડે એવા મુડમાં આપણે ક્યાંય નથી. પણ તમારા સાથે કદમે કદમ મિલાવીને, તમને ક્યાંય પણ પડતી મુશ્કેલી જો મારા સુધી પહોંચશે તો તેને નિવારવાની મારી પુરી તાકાત લગાવી દઈશ. એમા ઘણી વખત શુ થાય કે ચૂંટણી સમયે બધા બોલી જાય પછી કોઈ દેખાતુ નથી. એટલે આવો પ્રોબલેમ ન થાય તેની પણ અમે બધા જવાબદારી લઈએ છીએ. આ જવાબદારી અહી બેઠા છે એ સૌની છે અને તેમાંથી કોઈ છટકે તોય અમારા સુધી વાત પહોંચાડજો''

# પાકિસ્તાન તાત્કાલિક POK ખાલી કરે : ભારત

સંયુક્ત રાષ્ટ્ર,

કોરોના મુદ્દે વડાપ્રધાને કહ્યું કે, છેલ્લા દોઢ વર્ષથી સમગ્ર વિશ્વ ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારીનો સામનો કરી રહ્યું છે. આવી ભયાનક મહામારીમાં જીવન ગુમાવનારા બધા લોકોને હું શ્રધ્ધાંજલી આપું છું. કોરોના મહામારીએ દુનિયાને શીખવ્યું છે કે વૈશ્વિક અર્થતંત્રે હવે વધુ વૈવિધ્યપૂર્ણ હોવું જોઈએ. સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાને અબ્દુલ્લા શાહિદને અધ્યક્ષપદ સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને સંબોધનના અંતમાં ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરને યાદ કર્યા હતા. તેમણે કહ્યું, અંતમાં નોબેલ વિજેતા ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરના શબ્દો સાથે પોતાની વાત સમાપ્ત કરી રહ્યો છું. પોતાના શુભ કર્મ પથ પર નિર્ભિક થઈને આગળ વધો. બધી જ દુર્બળતા અને આશંકાઓ સમાપ્ત થઈ જશે. આ સંદેશ આજના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્ર માટે જેટલો પ્રાસંગિક છે, તેટલો જ દરેક જવાબદાર દેશ માટે પણ પ્રાસંગિક છે. મને વિશ્વાસ છે કે આપણે બધાના પ્રયાસોથી વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ વધશે. વિશ્વ સ્વસ્થ, સુરક્ષિત અને સમૃદ્ધ બનશે. સંયુક્ત રાષ્ટ્રને સંબોધન સાથે વડાપ્રધાન મોદીનો અમેરિકા પ્રવાસ પૂરો થયો હતો અને મોડી રાતે તેમણે ભારત તરફ પ્રયાણ કર્યું હતું.સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પાકિસ્તાનને 'વીકટીમ' બતાવીને ફરી એક વખત કાશ્મીર રાગ આલાપતાં ભારતે 'રાઈટ ટુ રીપ્લાય' હેઠળ ઈમરાન ખાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતે કહ્યુ કે પાકિસ્તાન એક એવો દેશ છે જ્યાં આતંકવાદીઓ કોઈપણ ડર વિના હરી-ફરી શકે છે અને લઘુમતીઓનું શોષણ થાય છે. પાકિસ્તાન આતંકવાદીઓને આશરો આપતો હોવાથી આખી દુનિયાને તેની નીતિઓના કારણે નુકસાન સહન કરવું પડયું છે. કાશ્મીરનો મુદ્દો ઉઠાવનાર પાકિસ્તાને હકીકતમાં તેણે પચાવી પાડેલા કાશ્મીરનો કબજો તાત્કાલિક છોડી દેવો જોઈએ તેમ ભારતે જણાવ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનાં ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા દુબેએ શુક્રવારે કહ્યું, પાકિસ્તાનના નેતા દ્વારા ભારતની આંતરિક બાબતોને વૈશ્વિક મંચ પર ઉઠાવવા અને ખોટું બોલીને આ પ્રતિષ્ઠિત મંચની છબી ખરાબ કરવાનો વધુ એક પ્રયાસ કર્યો છે. તેને જવાબ આપવા માટે અમે 'રાઈટ ટુ રિપ્લાય' અધિકારનો ઉપયોગ કરીએ છીએ. યુવાન ભારતીય રાજદૂતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬મા સત્રમાં ફરી એક વખત કાશ્મીર રાગ આલાપવા બદલ પાકિસ્તાનની ટીકા કરી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રને વર્ચ્યુઅલી સંબોધન કરતાં ફરી એક વખત કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. ખાને પાકિસ્તાનને 'આતંકવાદનો શિકાર' દેશ ગણાવ્યો હતો. ઈમરાન ખાને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાના ભારત સરકારના નિર્ણય અને પાકિસ્તાન સમર્થક અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાનીના નિધનનો મુદ્દો પણ ઊઠાવ્યો હતો. જોકે, ઈમરાન ખાનને જડબાતોડ જવાબ આપતાં સ્નેહા દુબેએ જણાવ્યું હતું કે, આપણે સાંભળતા આવ્યા છીએ કે પાકિસ્તાન 'આતંકવાદનો શિકાર' છે. પરંતુ હકીકતમાં આ એ દેશ છે જેણે પોતે જ આગ લગાવી છે અને પોતાને આગ ઓલવનાર તરીકે બતાવવાનો દેખાડો કરી રહ્યો છે. પાકિસ્તાન માત્ર એવી આશાએ જ દુનિયાભરના આતંકવાદીઓને આશરો આપી રહ્યો છે કે તે પડોશી દેશોને જ નુકસાન પહોંચાડશે. પરંતુ હકીકતમાં તેની નીતિઓના કારણે આખી દુનિયાએ નુકસાન ઉઠાવવું પડયું છે. બીજીબાજુ તે પોતાના દેશમાં સાંપ્રદાયિક હિંસાને આતંકવાદી કૃત્યોના રૂપમાં છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. કાશ્મીર મુદ્દે ઈમરાન ખાનને જવાબ આપતાં સ્નેહા દુબેએ જણાવ્યું કે સંપૂર્ણ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદાખ હંમેશા ભારતના અભિન્ન અને અવિભાજ્ય ભાગ હતા, છે અને રહેશે. આ ક્ષેત્રોમાં એવા પ્રદેશોનો પણ સમાવેશ થાય છે, જેના પર પાકિસ્તાને ગેરકાયદે રીતે કબજો જમાવ્યો છે. અમે પાકિસ્તાનને તેના ગેરકાયદે કબજાવાળા ક્ષેત્રોને તુરંત ખાલી કરવા જણાવીએ છીએ. ઈમરાન ખાન અને અન્ય પાકિસ્તાની નેતાઓ અનેક વખત સંયુક્ત રાષ્ટ્ર મહાસભા અને વિશ્વ સંગઠનના અન્ય મંચોનો તેમના સંબોધનમાં જમ્મુ-કાશ્મીર અને ભારતની અન્ય આંતરિક બાબતોના મુદ્દાને ઉઠાવતા રહ્યા છે. પાકિસ્તાનના નેતાઓએ અનેક વખત મારા દેશ વિરુદ્ધ જુઠ્ઠાણું ફેલાવવા અને દુષ્પ્રચાર કરવા સંયુક્ત રાષ્ટ્રના મંચનો 'દુરુપયોગ' કર્યો છે. સ્નેહા દુબેએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સમાજ આ મહિને '૯/૧૧ના હુમલા'ની ૨૦મી વરસીને યાદ કરી રહ્યું છે ત્યારે દુનિયા એ પણ નથી ભૂલી કે આ હુમલાના માસ્ટર માઈન્ડ ઓસામા બિન લાદેનને પાકિસ્તાનમાં જ આશરો મળ્યો હતો. આજે પણ પાકિસ્તાનના નેતાઓ તેનું 'શહીદ'ના રૂમાં ગૌરવગાન કરે છે. આખી દુનિયા માને છે કે પાકિસ્તાન આતંકવાદીઓનું ખુલ્લેઆમ સમર્થન કરી રહ્યો છે. તેમને તાલિમ, ધન અને હથિયારો આપે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત સૌથી વધુ આતંકીઓને રાખવાનો ખરાબ રેકોર્ડ પણ પાકિસ્તાનના નામે છે. જળવાયુ પરિવર્તનનો મુદ્દો ઊઠાવતાં તેમણે કહ્યું કે, પ્રદૂષિત પાણી માત્ર ભારત જ નહીં, પરંતુ આખી દુનિયા માટે મોટી સમસ્યા છે. આ પડકારનો સામનો કરવા માટે અમે આખા ભારતમાં ૧૭ કરોડથી વધુ ઘરોમાં સ્વચ્છ, પીવાનું પાણી પૂરું પાડવા મોટું અભિયાન ચલાવ્યું છે. દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ એક ભારતીય છે. ભારતની પ્રગતિથી વૈશ્વિક વિકાસમાં ઝડપ આવશે. ભારત આગળ વધશે તો દુનિયા આગળ વધશે. ભારત સુધારો કરે છે તો આખી દુનિયા બદલાઈ જાય છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે ભારત વિકાસના માર્ગે કોઈ પાછળ ન રહી જાય તેની અવધારણા સાથે આગળ વધી રહ્યું છે.

# ગાંધીનગર જિલ્લાના દહેગામમાં કારમાંથી ઈંગ્લિશ દારૂ સાથે ૨ શખસો ઝડપાયા

દહેગામ,

દહેગામ પોલીસે ઝડપાયેલા આરોપી જીગર ચાવડા ઉર્ફે બાડીયા વિરુદ્ધ અમદાવાદ શહેર, રામોલ, વલસાડ, મોડાસા અને રખિયાલ પોલીસ મથકમાં પ્રોહીબીશન અને શરીર સંબંધી ગુના નોંધાયા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.દહેગામના સાત ગરનાળા પાસેથી પ્રોહિબિશન અને જુગારની ડ્રાઈવ દરમિયાન પસાર થતી શંકાસ્પદ ઈકો કારની તપાસ કરતા વિદેશી દારૂ મળી આવ્યો હતો. ઈકો કારનાં ગુપ્તખાનામાં છુપાવી લઈ જતા રૂપિયા ૩૯,૦૬૫ની કિંમતની ઈંગ્લીશ દારૂની બોટલો અને ઈકો કાર સહિત કુલ રૂપિયા ૪,૪૯,૦૬૫ની કિંમતના મુદ્દામાલ સાથે બે વ્યક્તિઓને ઝડપીને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. દહેગામ પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ પીઆઈ જે.કે.રાઠોડે પ્રોહિબિશન અને જુગારની ડ્રાઈવનો આદેશ કર્યો હતો. જેને પગલે સ્ટાફના નિકુલકુમાર, શૈલેષકુમાર, સોહિલસિંહ, જયેશભાઈ તેમજ અવિનાશભાઈ સહિત શહેરના સાત ગરનાળા પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા. તે સમયે બાયડ રોડ તરફથી આવતી જી.જે. ૨૭ ડી.એચ.૦૬૫૯ નંબરની ઈકો કાર શંકાસ્પદ જણાતા ઉભી રાખીને પોલીસે પુછપરછ કરતા સંતોષકારક જવાબ નહી આપતા કારને પોલીસ સ્ટેશને લાવીને તપાસ કરતા બોનેટના ભાગે તેમજ બંને સાઈડના પગથીયા પાસે ગુપ્તખાનું બનાવી રખાયેલો રૂપિયા ૩૯,૦૬૫ની કિંમતની ૯૪ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવતા પોલીસે જીગર ઉર્ફે બાડીયો અરવિંદભાઈ ચાવડા (રહે-ગજાનંદ ફ્લેટ વસ્ત્રાલ અમદાવાદ) તેમજ જીતેન્દ્ર ઉર્ફે કાળુ હરિરામ ચોરસિયા (રહે-સત્યમનગર અમરાઈવાડી અમદાવાદ)ને દારૂ ઉપરાંત બે નંગ મોબાઈલ તેમજ ઈકો કાર મળી કુલ રૂપિયા ૪,૪૯,૦૬૫ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદમાં સગીરા પર ગેંગરેપની સનસનીખેજ ઘટના

# વાસનાના ભૂખ્યા ૧૫ નરાધમોએ એક મહિનાના સમયમાં સગીરા સાથે સામુહિક દુષ્કર્મ આચર્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદ શહેરની ચકચારી ઘટના સામે આવી છે. એક, બે નહીં પરંતુ ૧૫ લઘુમતિ કામના ઈસમોએ એક લઘુમતિ કોમની સગીરા ઉપર એક મહિનાના સમયગાળા દરમ્યાન સામુહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ દાહોદ શહેર પોલીસ મથકે નોંધાતાં સગીરાના તેના વિડીયો, ફોટોસ સોશીયલ મીડીયામાં વાઈરલ કરી દેવાની સગીરાને ધાકધમકીઓ પણ સગીરાને આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે આ ઘટના વર્ષ ૨૦૧૯ની સાલમાં બની હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે અને વધુમાં જાણવા મળ્યાં અનુસાર, આ કેસ નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ,

### બળાત્કારનો ભોગ બનેલી સગીરાને અઢી વર્ષ બાદ ન્યાયની આશા બંધાઈ

આ સમગ્ર મામલો દાહોદની નામદાર એડીશનલ સેસન્સ કોર્ટની ફરિયાદ આવતાં દાહોદ શહેર પોલીસ મથકે ગતરોજ તારીખ ૨૫.૦૯.૨૦૨૧ના રોજ રજીસ્ટર થયેલ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. બે થી અઢી વર્ષના લાંબા સમયગાળા દરમ્યાન ઉપરોક્ત ૧૭ ઈસમો વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં સામુહિક બળાત્કારનો ભાગે બનેલ સગીરાને ન્યાય મળવાની આશા દેખાઈ રહી છે ત્યારે પોલીસે આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં આ ઘટનાને પગલે ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી છે. આ ૧૫ ઈસમો પૈકી ૨ મહિલાઓ પણ બળાત્કારના ગુન્હામાં આરોપીઓ સાથે સામેલ હોવાનું સામે આવ્યું છે. દાહોદ શહેરમાંજ રહેતાં ૧૭ ઈસમો સામે એક સગીરા ઉપર સામુહિક બળાત્કાર ગુજાર્યો હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે ત્યારે દાહોદની ફરિયાદ આવતાં દાહોદ શહેર પોલીસે નોંધાવા પામી હતી. આ ઘટનાના આશરે બે થી અઢી વર્ષ વિતી ગયાં બાદ સગીરાને હવે ન્યાય મળતો દેખાઈ રહ્યો છે ત્યારે સમગ્ર ઘટનાને પગલે એક્શનમાં આવેલ પોલીસે આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. આરોપીઓ દ્વારા સગીરાને બ્લેકમેઈલ કરતાં હોવાનું પણ સામે આવ્યું છે.

ગુજરાત રાજ્યના નાનકડા અને ગ્રામીણ વિસ્તાર ધરાવતાં એવા નાનકડા દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં સામુહિક બળાત્કારનો કિસ્સો સામે આવતાં સમગ્ર દાહોદ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. દાહોદમાં રહેતી એક લઘુમતિ કોમની સગીરા ઉપર વર્ષ ૨૦૧૯ની

### સગીરાના શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી ક્રૂરતાની તમામ હદ વટાવી

બળાત્કાર ગુજાર્યા બાદ આ ૧૭ ઈસમો દ્વારા સગીરાને શારિરીક અને માનસીક ત્રાસ પણ આપતાં હતાં અને હેરાન પરેશાન સહિતની પ્રાડતના પણ સગીરાને આપતાં હતાં. બળાત્કાર ગુજાર્યાના વિડીયો તેમજ ફોટોસ આ આરોપીઓએ મોબાઈલ ફોન વિગેરેમાં ઉતાર્યા બાદ તેને સોશીયલ મીડીયામાં વાઈરલ કરી દેવાની ધમકીઓ પણ સગીરાને આપવામાં આવતી હતી અને સગીરાને બ્લેકમેઈન કરતાં હોવાનું પણ સામે આવ્યું છે. આ ઉપરાંત કોઈને કહીશ કે, પોલીસમાં ફરિયાદ આપીશ તો તને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આ આરોપીઓ સગીરાને આપતાં હતાં.

સાલમાં તારીખ ૦૨.૦૬.૨૦૧૯ થી તારીખ ૨૫.૦૭.૨૦૧૯ એટલે કે, કહી શકાય કે, એક મહિનાના સમયગાળા દરમ્યાન દાહોદ શહેરના નુર મસ્જીદ પાસે પિંજારવાડ, કસ્બા, પિંજારવાડ, મેમુનનગર ખેરૂનીશા મસ્જી પાસે ગોધરા રોડ, દાહોદ, આ વિસ્તારમાં રહેતાં ૧૭ જેટલા લઘુમતિ કોમના યુવકો જેમાં મતિ નયનભાઈ કાજી, નિજામ રાજુભાઈ કાજી, જુનેદ ઉર્ફે લલ્લી બાબુભાઈ શેખ, અબ્દુલ અજીજ ઉર્ફે અદુલ મોહમદ જાહીર કુરેશી, સાહીદબેગ ઉર્ફે સાહીદબાબા સબ્બીરબેગ મિર્જા, મોઈનુદ્દીન ખતરી, અજરૂદ્દીન ખતરી, હસનબાબા, મઝહરકાજી, હૈદર કુરેશી, સહેબાજ શેખ, જાબીર સૈયદ, ઈશરાર ઉર્ફે ઈસ્સુ, ગુજ્જુઘાંચી, મુસ્કાન, બીરદોશી નિજામ રાજુભાઈ કાજીની પત્નિ, નિજામ રાજુભાઈ કાજીની માતા આ બે મહિલાઓ સાથે મળી ઉપરોક્ત ૧૫ લઘુમતિ કોમના યુવકોએ સગીરા ઉપર તેના ઘરે તેમજ દાહોદ શહેરમાં અલગ અલગ સ્થળે અલગ અલગ સમયે બળાત્કાર ગુજાર્યો હતો.

## ફતેપુરા તાલુકાની સગીરા સાથે સુખસરના યુવાન દ્વારા બળાત્કાર ગુજરી ગર્ભવતી બનાવતા સગીરાના પિતા દ્વારા ફરિયાદ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સમયાંતરે સગીરાઓ તથા મહિલાઓના અપહરણના કિસ્સા વધતા જઈ રહ્યા છે.તેમાં મોટાભાગના કિસ્સા સગીર વય ધરાવતી કિશોરીઓના બની રહ્યા છે. અને સગીર કિશોરીનું અપહરણ કે બળાત્કાર થયા બાદ ગુનો દાખલ થયા પછી આ ગુનામાં સંડોવાયેલા આરોપીને કાયદો પણ કડક હાથે કામ લે છે તે બાબત જગજાહેર હોવા છતાં કેટલાક નરાધમો આવા કૃત્યો કરતા અચકાતા નથી.અને તેવોજ બનાવ ફતેપુરા તાલુકાના એક ગામડાની ૧૩ વર્ષ ૭ માસની સગીરાનો ગેરલાભ ઉઠાવી સુખસરના યુવાને સગીરાને ગર્ભવતી બનાવી આ વાત કોઈને કરશે તો સગીરા સહિત તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી બળાત્કારી યુવાન ફરાર થઈ જવા પામેલ હોવાનું જાણવા મળે છે.

ફતેપુરા તાલુકાના એક ગામની ૧૩ વર્ષ ૭ માસની સગીરાને ગત મે માસ દરમિયાન દાદી પાસે મૂકી માતા–પિતા ગાંધીનગર ખાતે મજુરી કામે ગયેલા હતા.તે દરમિયાન સગીરા સુખસર ગામમાં ઘર સામાન લેવા આવતા સુખસરના અનિલભાઈ નામના યુવાને પરિચય કેળવ્યો હતો.ત્યારબાદ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી પત્ની તરીકે રાખવા સારૂં સગીરાના ઘરેથી કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી સુખસર ખારી નદીના એરીગેશન બાજુ લઈ જઈને શરીરસુખ માણી તેમજ અલગ–અલગ દિવસે ત્રણવાર સગીરા સાથે શરીરસુખ માણી પેટમાં બાળક રાખી આ બાબતે કોઈને કહીશ તો સગીરાને તથા તેના પરિવારના લોકોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બળાત્કારી યુવાન ફરાર થઈ ગયો હતો.

ગત મે માસ દરમિયાન સગીરાના માતા–પિતા ગાંધીનગર ખાતે મજુરી કામે ગયેલા હતા. જ્યારે ચારેક દિવસ આગાઉ સગીરાના પરિવારના એક વ્યક્તિએ સગીરાના માતા–પિતાને મોબાઈલથી જણાવેલ કે,સગીરાને તાવ–માથાની તકલીફ છે.તેવું જાણતા સગીરાના પિતા તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ ઘરે આવેલા.અને સગીરાના પિતાએ સગીરાને પૂછતાં પેટમાં દુઃખાવો થતો હોવાનું જણાવેલ. જેથી સગીરાને સંતરામપુર ખાનગી દવાખાનામાં લઈ જવામાં આવી હતી. જ્યાં ડોકટર દ્વારા તપાસ કરતા સગીરાના પેટમાં બાળક હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કૃત્ય બાબતે સગીરાને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતા સુખસરના અનિલ નામના ઈસમે બળાત્કાર ગુજાર્યો હોવાની કેફિયત સગીરાએ જણાવી હતી. ત્યારબાદ સંતરામપુર ખાનગી હોસ્પિટલના ડોકટર દ્વારા સગીરાને ગોધરા હોસ્પિટલમાં લઈ જવાનું જણાવતા ગોધરા લઈ જવામાં આવી હતી. જ્યાં સગીરાની કૂખે મૃત બાળકનો જન્મ થયો હતો. હાલ સગીરા ગોધરા હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહી છે. જ્યારે મૃત બાળકને હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે,આ કિસ્સામાં આરોપી તરીકે અનિલભાઈ નામના યુવાન સામે અપહરણ, બળાત્કાર તથા પોક્સો એક્ટ કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પરંતુ આ આરોપીના પિતાનું નામ તથા જાતિ બાબત સહિત આ આરોપી સુખસરના ક્યા ઠેકાણા ઉપર રહે છે તેની સગીરાને જાણ નથી.પરંતુ સગીરા આ નરાધમને નજરે જોતા ઓળખી શકે તેવો એફ.આઈ.આર.માં ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ કેટલાક રખડું લોકો સગીરાઓને લોભ લાલચ આપી ફસાવી જિંદગી બરબાદ કરી આપતા હોય છે. ત્યારે તેવા નરાધમોની સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## દે.બારીઆ પાલિકા દ્વારા વિકાસના કામો માટેની ગ્રાન્ટની રકમ હેતુફેર કરી શોપિંગ સેન્ટરમાં વાપરવા બાબતે તપાસ કરવા રજુઆત

દાહોદ,

દે.બારીઆ નગર પાલિકા જે જમીનમાં ટ્રસ્ટી છે આ બાલ મંદિરના વિદ્યાર્થીઓ માટે રમત–ગમતની આ જગ્યામાં નગરના વિકાસના કામો માટે આવેલ સરકતી ગ્રાન્ટના નાણાં માંથી ૧૭ દુકાનો બાંધવાના દે.બારીઆ પાલિકા સદસ્યોના સામાન્ય સભાના ઠરાવના આ નિર્ણય વચ્ચે ૧૭ દુકાનો દે.બારીઆ ન.પાલિકાએ તૈયાર તો કરી દીધી છે પરંતુ આ દુકાનોના વહીવટમાં દે.બારીઆ ન.પાલિકાને એક પણ પૈસાની આવક થઈ નથી અને દુકાનો બંધ જ છે. આ સંદર્ભમાં



આર.ટી.આઈ.ના આધારે બહાર આવેલ માહિતીઓના આધારે અરજદાર રાજેશ રાવળ દ્વારા વડોદરા સ્થિત નગર પાલિકાઓના પ્રાદેશિક કમિશનર સમક્ષ હેતુફેર સિવાય સરકારી ગ્રાન્ટના નાણાં માંથી શોપિંગ સેન્ટર બનાવવાના આ ખોટના વ્યાપાર સામે કાયદેસર તપાસ હાથ ધરવાનો અનુરોધ કર્યો છે.

દે.બારીઆ ખાતે સીટી સર્વે નંબર ૬૬૨ વાળી જમીનમાં ન.પાલિકા ટ્રસ્ટી છે આ જમીન બાલ મંદિરના માસૂમ ભૂલકાઓ માટે રમત–ગમત માટેના આ પ્લે ગ્રાઉન્ડની જમીનમાં દે.બારીઆ ન.પાલિકામાં તત્કાલીન સમયે ચૂંટાયેલા સદસ્યો એટલે કે ૨૦૧૪માં નગરના વિકાસ કાર્યો માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ યુ.ડી.પી. ગ્રાન્ટ, ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટ અને સ્વ–ભંડોળની રકમ એમ ૪૫.૯૧ લાખ રૂ.ના ખર્ચાઓ સાથે કુલ ૧૭ દુકાનો પાલિકા શોપિંગ સેન્ટર તરીકે બાંધવામાં આવી હતી. આ પાલિકા શોપિંગ સેન્ટરની ૧૭ દુકાનો છેલ્લા ૫ વર્ષથી આવક વગર બંધ હોવાના આ ખોટના વ્યાપાર સામે દે.બારીઆના જાગૃત અરજદાર રાજેશ રાવળ દ્વારા માહિતી અધિકાર હેઠળ વિગતો એકત્ર કર્યા બાદ પ્રાદેશિક કમિશનર સમક્ષ કાયદેસર તપાસની માંગ કરતા દે.બારીઆ પાલિકાના રાજકીય મોરચે ભારે ગરમાવો આવ્યો છે.

### ગાંધીનગર કમિશનર કચેરી દ્વારા ટાઉન પ્લાનર ભરતીના વિવાદ સામે દિન-૧૫માં તપાસ કરવાના આદેશો..!!

દે.બારીઆ ન.પાલિકામાં ટાઉન પ્લાનર કર્મચારીની ભરતી કર્યા બાદ તમામ સરકારી રેકર્ડ ગુમ કરી દેવાના પ્રકરણ સામે અરજદાર સંજય પરમાર દ્વારા કરવામાં આવેલ રજુઆત સંદર્ભમાં ગાંધીનગર સ્થિત કમિશનર કચેરી દ્વારા તા.૧૮ સપ્ટેમ્બરના રોજ વડોદરા સ્થિત પ્રાદેશિક કમિશનરને દિન-૧૫ માં કાયદેસર તપાસની કાર્યવાહી હાથ ધરીને કમિશનર કચેરીને જાણ કરવાનો આદેશ કરતા ફાઈલો ગુમ કરનારા કૌભાંડકારી ચહેરાઓનો આનંદ હવે પરસેવે રેબઝેબ બની ગયો છે. એટલા માટે કે ગાંધીનગર કમિશનર કચેરી દ્વારા ટાઉન પ્લાનરની ભરતી બાદ ફાઈલો ગુમ કરીને આચરવામાં આવેલા નાણાંકીય ભ્રષ્ટાચાર સામે ન.પાલિકાના ચીફ ઓફિસર અને સંલગ્ન કર્મચારીઓ સામે પણ કાયદેસર તપાસ કરવાના સૂચનો પણ કરવામાં આવ્યા છે.!! પ્રાદેશિક કમિશનર સમક્ષ અરજદાર રાજેશ રાવળ દ્વારા તપાસની માંગ.

### ધાનપુર તાલુકાના દુધામળી ગામે ડાંગરના ખેતરમાં

## દિપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ : દીપડાએ હુમલો કરતા ત્રણને ઈજા દીપડાને રેસ્કયુ કરી પાંજરે પૂર્યો

ધાનપુર,

ધાનપુર તાલુકાના દુધાળા ગામે દુધામળી ગામે ડાંગરના ખેતરમાં દીપડો જોવાતા ગ્રામજનોમાં ફફડાટ વન કર્મીઓ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરતા દીપડાએ ત્રણ ઈસમ ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી દીપડાને કોર્ડન કરી રેસ્ક્યુ હાથ ધરી દીપડાને પાંજરે પૂર્યો દીપડો પાંજરે પુરાતા ગ્રામજનો એ હાશકારો અનુભવ્યો.

ધાનપુર તાલુકાના દુધામળી ગામે બે દિવસ અગાઉ એક દીપડો એક અવઢ મકાનમાં ઘુસી ગયો હતો તેને વનવિભાગ દ્વારા રેસ્ક્યુ કરી જંગલ તરફ ભગાડી મૂક્યો હતો ત્યારે ફરીથી આજરોજ ડાંગરના ખેતરમાં દીપડાએ દેખો દેતા ખેતરમાં કામ કરતા ગ્રામજનોમાં



ફફડાટ ફેલાઈ ગયો હતો અને ગ્રામજનો પોતાના ખેતરમાંથી ઘર તરફ દોડી આવ્યા હતા ત્યારે આ બનાવની જાણ સ્થાનિક વનવિભાગને કરવામાં આવતા ધાનપુર રેન્જના આર.એફ.ઓ ચૌહાણ સહિત નો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જે ખેતરમાં દિપડાએ દેખા દેતો તે ખેતરને કોર્ડન કરી તપાસતા દીપડાએ એક રોજમદાર લક્ષ્મણ ભાઈ ઉપર અચાનક હુમલો કરી દીધો હતો અને તેમને બચાવવા જતાં અન્ય બે ઈસમ ને ઓછી વત્તી ઈજા પહોંચાડી દીપડો ફરી ડાંગરના ખેતરમાં છુપાઈ ગયો હતો ત્યારે વન કર્મીઓએ આંખે તને કોર્ડન કરી દીપડાનું રેસ્ક્યુ હાથ ધર્યું હતું જેમાં દીપડો જે ખેતરમાં છુપાયો હતો તે જગ્યા ઉપર કોર્ડન કરી તેની ઉપર જાળ નાખી તેને ઝડપી પાડી પાંજરે પૂર્યો હતો અને દીપડો પાંજરે પુરાતા જ આસપાસના લોકો દીપડાને જોવા દોડી આવ્યા હતા દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ જાણે હાશકારો અનુભવ્યો હોય તેમ જોવાઈ રહ્યું હતું ત્યારે આ દીપડાને દેવગઢ બારીયા ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## દાહોદ જલ વિહાર સોસાયટીમાં સિનીયર સીટીઝન માટે બનાવેલ બગીચો વહીવટી તંત્ર દ્વારા તોડવામાં આવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ જલ વિહાર સોસાસાયટી ખાતે આ વિસ્તારમાં સ્થાનીક લોકો દ્વારા સીનીયર સીટીઝન માટે બનાવવામાં આવેલ બગીચાને સ્થાનીક વહીવટી તંત્ર દ્વારા આજરોજ જેબીબીની મદદથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તોડી પાડવામાં આવતાં સ્થાનીક લોકો અને ખાસ કરીને આ વિસ્તારના સીનીયર સીટીઝનના લોકોમાં ભારે આક્રોશ સાથે નારાજગી વ્યાપી હતી. સ્થાનીકો પાસેથી જાણવા મળ્યાં અનુસાર, વર્ષોથી પોતે અહીંયા રહેતાં આવ્યાં છે. આ વિસ્તારમાં એક ખાલી પ્લોટ હતો તેમાં ગંદકી ખુબજ થતી હતી અને જેને પગલે રોગચાળો ફેલાવવાનો પણ ડર હતો જેને પગલે આ ખુલ્લા પ્લોટમાં સ્થાનીકોએ નાણાં એકઠા કરી આ ખુલ્લા પ્લોટમાં સુંદર એવો બગીચો ઉભો કર્યો હતો જેતે સમયના કલેક્ટર એટલે કે, વિજય ખરાડી દ્વારા પણ જણાવવામાં આવ્યું હતું કે, તમો ગાર્ડન બનાવો અમોને વાંધો નથી પરંતુ જ્યારે અમોને જમીનની જરૂર પડશે ત્યારે અમો તેનો ઉપયોગ કરીશું. આ બાદ ત્યાર પછી હાલના નવા કલેક્ટરને સ્થાનીક રહીશો દ્વારા રજુઆત પણ કરવામાં આવી હતી અને નગરપાલિકાને પણ આ મામલે રજુઆત કરવામાં આવી હતી તેમ છતાંય જલ વિહાર સોસાયટીના રહીશોને જાણ કર્યા વગર વહીવટી તંત્ર દ્વારા બુલડોઝર લાવી ગાર્ડનને તોડી નાંખી વેર વિખેર કરી નાખવામાં આવ્યું હોવાના આક્ષેપો સ્થાનીકો કરી રહ્યાં છે.

## દાહોદના ઉચવાણી ગામની પરિણિતાને દહેજ માટે ત્રાસ આપતા પોલીસ ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ઉચવાણી ગામે રહેતી એક ૨૯ વર્ષીય પરણિતાને પતિ તથા સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરી શારિરીક અને માનસીક ત્રાસ અપાતા આવા ત્રાસથી વાજ આવેલ પરણિતાએ મહિલા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.

ઉચવાણીયા ગામે ભોકણ ફળિયામાં રહેતાં ૨૯ વર્ષીય પરણિતા આશાબેન હરિશભાઈ ભોકણના લગ્ન તારીખ ૧૨.૦૫.૨૦૧૪ના રોજ સમાજના રિતી રિવાજ મુજબ હરિશકુમાર અમરસિંહ ભોકણ સાથે થયાં હતાં. લગ્ન જીવનના સમયગાળા દરમ્યાન સંતાનમાં આશાબેનને એક પુત્રએ જન્મ લીધો હતો. લગ્નના ત્રણેક વર્ષ આશાબેનને પતિ તથા સાસરીયાઓ દ્વારા સારૂ રાખ્યા બાદ પોત પ્રકાશ્યું હતું અને પતિ હરિશકુમાર દ્વારા કહેલ કે, તું તારા બાપાના ઘરેથી દહેજના રૂપીયા લઈ આવ તથા અમરસિંહ જુવાનસિંહ ભોકણ તથા લીલાબેન અમરસિંહ ભોકણ દ્વારા આશાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી કહેતાં હતાં કે, તું અમારા ઘરમાંથી નીકળી જા, તને છુટાછેડા આપી દેવાના છે, તેમ કહી અવાર નવાર મેણા ટોણા મારી, શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે આશાબેનને ઘરમાંથી કાઢી મુક્તાં છેલ્લા કેટલાંક સમયથી આશાબેન પોતાના પિયર દાહોદ તાલુકાના હિમાલા ગામે બામણ ફળિયામાં રહે છે અને આ સંબંધે પરણિતા આશાબેન દ્વારા પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ જિલ્લાના લીમખેડા, દાહોદ અને ઝાલોદ ખાતે

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડની ચુંટણી મતદાન મથકો ઉભા કરાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજરોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચુંટણી યોજાઈ હતી. દાહોદ, લીમખેડા અને ઝાલોદ મળી કુલ ૦૩ મતદાન મથકોએ આ ચુંટણીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. વહેલી સવારથીજ મતદાન મથકોએ મતદાન કરવા માટે શિક્ષકો સહિત શાળા સંકુલ સ્ટાફનો મોટો ધસારો જોવા મળ્યો હતો. દાહોદ જિલ્લાના દાહોદ મુખ્ય મથક, લીમખેડા અને ઝાલોદ તાલુકામાં એમ કુલ ૦૩ ગામોમાં આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચુંટણીનું આયોજન કરવામાં આવ્યુંહતું. મતદાન કરવા શિક્ષકો, સંસ્થાના હોદ્દેદારો, કર્મચારીઓ મતદાન મથક ઉપર વહેલી સવારથીજ ઉમટી પડ્યાં હતાં. દાહોદ જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દાહોદ અને જિલ્લા વહીવટીતંત્રના સહકારથી આર.એન્ડ એલ. પંડ્યા હાઈસ્કૂલ દાહોદ, મૉડેલ સ્કૂલ લીમખેડા અને બી.એમ. હાઈસ્કુલ ઝાલોદ ખાતે મતદારોના બહોળા પ્રતિસાદ સાથે શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ જેમાં ત્રણેય બુથોનું સરેરાશ મતદાન થવા બદલ દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક અને જિલ્લા ચૂંટણી નોડલ અધિકારી એસ.એચ. મેડાએ લોકશાહીના પર્વમાં ઉત્સાહપૂર્વક કામગીરી કરી હતી. દાહોદ જિલ્લામાં શિક્ષણ બોર્ડની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

## દાહોદ જિલ્લામાં ૦૬ જેટલા પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની જિલ્લામાં આંતરીક બદલીઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ૦૬ જેટલા જુદા જુદા પોલીસ ઈન્સ્પેકટોરીની જિલ્લામાં જ બદલીઓ કરવામાં આવી છે જેમાં એમ.એમ. માળી જેઓ ગરબાડા પોલીસ મથકે ફરજ બજાવતાં હતાં તેઓને એલ.સી.બી. દાહોદમાં નિમણુંક આપવામાં આવી છે. જે.એલ. પટેલ જેઓ પીપલોદ પોસી મથકે ફરજ બજાવતાં હતાં તેઓને ગરબાડા પોલીસ મથકે નિમણુંક આપવામાં આવેલ છે. વી.આર. મકવાણા જેઓ દાહોદ રૂરલ પોલીસ મથકે ફરજ બજાવતાં હતાં તેઓને પીપલોદ પોલીસ મથકે પોલીસ મથકે નિમણુંક, ડી.ટી.ડામોર જેઓ દાહોદ ટાઉનમાં ફરજ બજાવતાં હતાં તેઓને ઝાલોદ પોલીસ મથકે નિમણુંક, એન.એમ. રામી જેઓ પેરોલ ફલો સ્કોર્ડમાં ફરજ બજાવતાં હતાં તેઓને એસ.ઓ.જી. શાખામાં નિમણુંક આપવામાં આવી છે અને દિના જે. પટેલ જેઓ લીવ રીઝર્વ (કંટ્રોલ)માં ફરજ બજાવતાં હતાં તેઓને દાહોદ રૂરલ પોલીસ મથકે નિમણુંક કરવામાં આવી છે.

## ઝાલોદના સીમલખેડી ગામે બે બાઈક વચ્ચે અકસ્માતમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સીમલખેડી ગામે બે મોટરસાઈકલો સામ સામે ધડાકાભેર અથડાતાં મોટરસાઈકલો પર સવાર ત્રણ પૈકી બે જણાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે. દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના હીરાપુર ગામે ખુણી ફળિયામાં રહેતાં રાકેશભાઈ દલસીંગભાઈ ભગોરા ગત તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ સીમલખેડી ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન સામેથી ઝાલોદ તાલુકાના ખરવાણી ગામે ભાભોર ફળિયામાં રહેતાં જીતેન્દ્રભાઈ અને તેમની સાથે અમિતભાઈ મહેન્દ્રભાઈ વસૈયાની મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવતાં બંન્ને મોટરસાઈકલો વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો જેને પગલે જીતેન્દ્રભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું જ્યારે અકસ્માત સર્જનાર રાકેશભાઈ દલસીંગભાઈ ભગોરાને પણ શરીરે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું પણ મોત નીપજતાં આ સંબંધે ખરવાણી ગામે ભાભોર ફળિયામાં રહેતાં માનસીંગભાઈ બીજીયાભાઈ ભાભોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.30

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના ડેરોલ ગામ ગ્રામ પંચાયતમાં

# મનરેગાના કામો કાગળ ઉપર દર્શાવી લાખોનું કૌભાંડ

- પંચાયત વિસ્તારના વિકાસલક્ષી યોજનામાં ૬૦ થી ૭૦ લાખનુ કૌભાંડ.
- પેવર બ્લોક, માટી-મેટલના રસ્તા અને નાળુ માત્ર કાગળ ઉપર દર્શાવી નાણાં બારોબાર ઉપાડી ગેરવહીવટ કરાયો.
- સરપંચ, તલાટી, અને વહીવટદારનો વિકાસ થયો, પંચાયતનો વિકાસ રૂંધાયો.

ગોધરા,
કાલોલ તાલુકાના ડેરોલ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના અંતર્ગત કામોમાં મસમોટો ભ્રષ્ટાચાર સ્થળ ઉપર કામ કર્યા વગર અંદાજિત ૬૦ થી ૭૦ લાખ રૂપિયા બારોબાર ઉપાડી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. સરપંચ, તલાટી, અને વહીવટદાર દ્વારા મનમાન્યો વહીવટ ચલાવવામાં આવતો હોવાની ગામના જાગૃત નાગરિકો દ્વારા ઉગ્ર રજુઆત થવા પામી છે.







ડેરોલ ગામ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના અંતર્ગતના કામો તેમજ અન્ય યોજના કામોમાં સરપંચ તલાટી, અને મળતિયાો દ્વારા વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. પંચાયત વિસ્તારના કામોમાં અંદાજિત ૬૦ થી ૭૦ લાખ ઉપરાંતના ભ્રષ્ટાચાર આચરીને સરકારી ગ્રાન્ટનો દુરૂપયોગ કર્યો છે. ગ્રામજનોને વિકાસથી વંચિત રાખવામાં આવ્યા છે.

ડેરોલ ગામ મુખ્ય રોડથી બળિયાદેવ મંદિર સુધીના રસ્તા માટે વર્ષ-૨૦૨૧માં એન.આર.જી.એસ.યોજના હેઠળ માટી-મેટલ માટે ૫ લાખની ગ્રાન્ટ ફળવાઈ હતી તે માટી મેટલના કામ વગર જુલાઈ-૨૦૨૧માં ચુકવી દેવામાં આવ્યાનુ દર્શાવવામાં આવ્યુ છે. ખેતવાડી, માતાજીના મંદિર વિસ્તારમાં પેવર બ્લોક માટે ૫ લાખ રૂપિયા ૨૦૨૧માં ફાળવવામાં આવ્યા છે તે સ્થળે પેવર બ્લોકની કામગીરી થયેલ નથી.

મનરેગા યોજના હેઠળના મેઈન રોડથી બળિયાદેવ મંદિર સુધી માટી મેટલનુ કામને સ્થળ ઉપર કરેલ નથી. રેકર્ડ ઉપર પેવર બ્લોકના કામો કરવામાં આવ્યા છે. તે માત્ર કાગળ ઉપર છે. ડેરોલ ગામથી નર્મદા કેનાલ જતા હાઈવે ઉપર વડલી નજીક નાળુ બનાવવામાં આવ્યુ છે જે આખે આખુ નાળુ સ્થળ ઉપરથી ગાયબ થયેલ છે. ત્યારે હવે જોવાનુ રહ્યુ કે, કાલોલ તાલુકા પંચાયત દ્વારા આવા કાગળ ઉપરના કામોની સ્થળ તપાસ કરીને કોઈ કાર્યવાહી કરે છે કે કેમ ?

કાલોલ તાલુકાના ડેરોલ ગ્રામ પંચાયતના સરપંચ તલાટી અને તેમના મળતિયા વહીવટદાર દ્વારા પંચાયતના વિસ્તારના વિકાસના કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ડેરોલ ગામ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના હેઠળના કામો જેવા કે, મેઈન રોડથી બળિયાદેવ મંદિર તરફ જે રેકર્ડ ઉપર માટી મેટલનો રસ્તો બનાવવામાં આવ્યો છે તેમ દર્શાવેલ છે તે જગ્યાએ રસ્તો જ નથી. પંચાયત વિસ્તારમાં પેવર બ્લોકના કામો કરવામાં આવ્યા છે તેવુ રેકર્ડ ઉપર દર્શાવેલ છે તે પેવર બ્લોક નાંખવામાં આવ્યા નથી. ડેરોલ ગામથી નર્મદા કેનાલ તરફ જતા હાઈવે રોડ ઉપર વડલી નજીક નાળાનુ કામ કરવામાં આવ્યુ છે તેમ રેકર્ડ ઉપર છે પરંતુ માત્ર કાગળ ઉપર નાળુ બનાવીને આખે આખુ નાળુ ગાયબ કરવામાં આવ્યુ છે. આમ ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી, અને મળતિયા કોન્ટ્રાકટર, વહીવટદારો દ્વારા ગામના વિકાસને લુણો લગાવ્યો છે. સરકારી રેકર્ડ ઉપર ગ્રામ પંચાયત વિસ્તારમાં અનેક વિકાસના કામો થયાનુ દર્શાવેલ છે જે હકીકત મુજબ સ્થળ ઉપર કામ કર્યા વગર બારોબાર સરકારી નાણાં ઉપાડીને ગેરરિતી આચરવામાં આવી છે. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક અને આવશ્યક સુવિધાઓ ગ્રામજનોને મળે તે હેતુસર લાખો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોય છે પરંતુ ગ્રામ પંચાયતોનો વહીવટ સરપંચ, તલાટી અને તેમના મળતિયાઓ, વહીવટદારો આવી સરકારી વિકાસ યોજનાઓ સ્થળ ઉપર લાગુ નહિ કરીને બારોબાર નાણાં ઉપાડી લઈને મસમોટો ભ્રષ્ટાચાર આચરતા હોય છે. ડેરોલ ગામ ગ્રામ પંચાયતમાં સરપંચ, તલાટી, અને વહીવટદાર દ્વારા પંચાયત વિસ્તારોમાં મનરેગા યોજના અંતર્ગતના કામો સ્થળ ઉપર કર્યા વગર બારોબાર નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. આ બાબતે ગ્રામ પંચાયતના માજી સરપંચ સહિત જાગૃત નાગરિકો દ્વારા ભ્રષ્ટાચારની તપાસ થાય તેવી રજુઆત ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવી છે ત્યારે ડેરોલ ગ્રામ પંચાયતમાં આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર ઉજાગર ન થાય તે માટે રજુઆતકર્તા માજી સરપંચને જાગૃત નાગરિકો ઉપર રાજકિય દબાણ કરવામાં આવી રહ્યુ છે.

કાલોલ તાલુકાના ડેરોલ ગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા અંતર્ગતના વિકાસલક્ષી કામો સ્થળ ઉપર કર્યા વગર રેકર્ડ ઉપર કામો થયેલ દર્શાવવામાં આવ્યા છે તેવા કામોની સ્થળ તપાસ કરવામાં આવે અને કામો થયા વગર જે સરકારી નાણાંમાં ગેરરિતી આચરવામાં આવી છે તેવા નાણાં સરપંચ તલાટી અને વહીવટદાર પાસેથી રિકવર કરવામાં આવે તે જરૂરી છે.

ડેરોલ ગ્રામ પંચાયતમાં ૨૦૨૧ના વાર્ષિક ઓનલાઈન માહિતી મુજબ ૧૫માં નાણાંપંચ અંતર્ગત વોટર વર્કસ અને અન્ય યોજનાઓ માટે ૩૫ લાખ જેવી રકમ ચુકવવામાં આવી છે. તેવા વોટર વર્કસ કે વિકાસલક્ષી કામો સ્થળ ઉપર દેખાતા નથી.

ડેરોલ ગામ મુખ્ય રોડથી બળિયાદેવ મંદિર સુધીનો માટી મેટલનો રસ્તો મંજુર થયેલ હોય આ રસ્તો બનાવ્યા મામલે ખેડુત દ્વારા રજુઆત કરાઈ હતી કે, રસ્તા બનાવવાથી ખેતરમાં પાણી ભરાવવાની શકયતા છે. આવી રજુઆતને લઈ માટી મેટલના રસ્તાની કામગીરી અટવાઈ ગયેલ છે તેવુ પણ ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યુ છે.

કાલોલ તાલુકાના ડેરોલ ગામ ગ્રામ પંચાયત વિસ્તારના મનરેગા અંતર્ગતના કામોમાં થયેલ ભ્રષ્ટાચારને જોતા અધિકારીઓ વિકાસના કામોની સ્થળ તપાસ કરે તે જરૂરી છે.

## ઘોઘંબાના વેપારી પાસે ખંડણી માંગવાના ગુનામાં વોન્ટેડ કુણાલ ભાટિયાને ઝડપવા તજવીજ હાથ ધરાઈ

ગોધરા,
ઘોઘંબાના વેપારીના યુવતિ સાથેના ફોટો ગુજરાત પ્રેસ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપીને ૧ લાખ રૂપિયાની ખંડણી પાંચ પત્રકાર ઈસમો દ્વારા માંગવામાં આવી હતી. આ કિસ્સામાં ચાર પત્રકારોને ગ્રામજનો દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે જયારે પંચમહાલ દર્પણનો કહેવાતો પત્રકાર કુણાલ ભાટિયાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ કહેવાતા પત્રકાર દ્વારા અનેક લોકોને અવાર નવાર પરેશાન કરવામાં આવ્યા છે અને અગાઉ પણ હાલોલ પોલીસ મથક તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામેલ છે.



ઘોઘંબાના વેપારીના યુવતિ સાથેના ફોટોગ્રાફ ગુજરાત પ્રેસ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપીને ભરત રાઠવા અને કુણાલ ભાટિયા દ્વારા ૨૦ હજાર રૂપિયાની તોડપાણી કરી લીધી હતી. બાદમાં ઉત્તર ગુજરાતના જી.ઈન્ડિયા ન્યુજના એમ.ડી.જેણુભાઈ લાલસિંહ વાઘેલા, રિપોર્ટર–હંસરાજ ભારતી, હરદેવ ભારતી ગોસ્વામી, વિજય પત્રિકાના વિજયભાઈ કાંતિલાલ પરમારને આ માહિતી આપી હતી અને ઘોઘંબાના વેપારીનો સંપર્ક કરીને ૧ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. વેપારી પાસે ૧ લાખ રૂપિયાની ખંડણી લેવા આવેલા ચાર પત્રકાર ઈસમોને ગ્રામજનો દ્વારા પકડી પાડીને પોલીસને સોંપવામાં આવ્યા હતા. જયારે હાલોલમાં પંચમહાલ દર્પણનો કુણાલ ભાટિયાને પોલીસ દ્વારા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. કહેવાતા પત્રકાર કુણાલ ભાટિયા જે અગાઉ પણ સરપંચોને ધાક ધમકીઓ આપીને રૂપિયા પડાવવાના કિસ્સામાં હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ ચુકી છે. ત્યારે આવા કહેવાતા પત્રકારને પોલીસ દ્વારા ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## હાલોલમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીમાં કોન્ટ્રાકટરની બેદરકારી, વાહનો ફસાવવાવાનો સિલસિલો યથાવત

હાલોલ,
પંચમહાલ જિલ્લાના હાલોલ નગરમાં લાંબા સમયથી ચાલતી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીમાં રોજેરોજ કોન્ટ્રાકટરની લાપરવાહી અને તંત્રની આંખ આડા કાન કરવાની નિતીને કારણે વાહનો ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત અધૂરા પુરાણ કરાયેલા કે પછી માત્ર માટીથી જ પુરી દેવાયેલા ખાડાઓમાં વાહનો ભોગ બની રહ્યા છે.

નગરના વિવિધ વિસ્તારો તેમજ મુખ્ય હાર્દસમા સતત હજારો વાહનોથી ધમધમતા રોડ રસ્તાઓ જેમાં પાવાગઢ રોડ ગોધરા રોડ કંજરી રોડ અને વડોદરા રોડ પર મુખ્ય રોડની વચ્ચોવચ ખાડા ખોદી ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત પાઈપલાઈન નાખ્યા બાદ રસ્તાઓ રીકાર્પેટ ના કરતા અને માત્ર આડેધડ માટી જ પૂરી દેવાતા હાલમાં ચાલતા ચોમાસાની સિઝનનો કારણે સારી માટી ધોવાઈ જતાં રસ્તાઓ કાદવ કીચડથી ખડબડી ઉઠ્યા છે.



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

સાથોસાથ આ ખાડામાં રોજિંદા વાહનો ફસાવવાનો સિલસિલો પણ યથાવત છે જયારે ગતરોજ અરાદરોડ પર આઈસર ટેમ્પો ફસાતા આઈસર ટેમ્પા ચાલકને નુકસાન ભોગવવાનો વારો આવ્યો હતો. જયારે આજે પણ વડોદરા રોડ પર એક લોડીંગ ટ્રેકટર ફસાઈ જવા પામ્યું હતુ જેમા ટ્રેકટર ના એક સાઈડના ટાયરો ખાડામાં ઉતરી પડતા ટ્રેકટરને કાઢવા માટે જીસીબીની મદદ લેવી પડી હતી. જેમાં ટ્રેકટરને નુકસાન સહિત બહાર કાઢવાનો ખર્ચ ટ્રેકટર માલિકને ભોગવવો પડયો હતો.

આ ભૂગર્ભ ગટરની ચાલતી કામગીરીથી નગરજનો અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. નગરમાં ખાડાઓનું સામ્રાજ્ય અને કાદવ કીચડથી ખદબદતા રોડ–રસ્તાઓ ને પગલે નગરજનોમાં છૂપો રોષ કોન્ટ્રાક્ટર સહિત વહીવટી તંત્ર સામે પણ ઉઠવા પામ્યો છે.

## શહેરા તાલુકામાં પવન સાથે આવેલ વરસાદને લઈ ડાંગર પડી જતાં ખેડુતો ચિંતિત : સહાય મળે તેવી માંગ

શહેરા,
શહેરા સહિત જિલ્લામાં રવિવારના રોજ વરસાદી માહોલ જામતા ડાંગરના પાકને ખરા સમયે પાણી મળ્યુ હતુ. જ્યારે પવન સાથે આવેલ વરસાદના કારણે ગુણેલી, નવા ખાંધવા,મોરવા રેણા સહિત અન્ય ગામના અમુક ખેડૂતોના ખેતરમાં રહેલ ડાંગરનો પાક ઢળી પણ ખેડૂતો ચિંતીત થઈ ઉઠયા હતા. રાજ્ય સરકાર પાસે અહીંના ખેડૂતો સહાયની માંગ કરી રહયા છે.

શહેરા સહિત જિલ્લામાં વરસાદી માહોલ રવિવારના રોજ જામ્યો હતો. ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોના ખેતરમાં રહેલ ડાંગરના પાકને પાણીની તાતી જરૂરિયાત વચ્ચે સારો વરસાદ થતા પાકને જીવતદાન મળ્યું છે. જ્યારે પવન સાથે આવેલ વરસાદના કારણે ગુણેલી, નવા ખાંધવા, મોરવા રેણા સહિત તાલુકાના અન્ય ગામોના અમુક ખેડૂતોના ખેતરમાં રહેલ ડાંગરનો પાક ઢળી પડયો હતો. પવન સાથે આવેલા વરસાદના કારણે ખેતરમાં રહેલ ડાંગરનો ઉભો પાક જમીનદોસ્ત થતા પાકને નુકશાન જવાની ભીતિને લઈને ખેડૂતો ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. જયારે વરસાદની જરૂર હતી તે સમયે મેઘરાજા રિસામણા થતાં શાકભાજી, મકાઈના પાકને નુકશાન થયા બાદ હવે પવન સાથે આવેલા વરસાદના કારણે ડાંગરનો અમુક પાક ઢળી પડતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આ વિસ્તારના ખેડૂતો સામંતસિંહ બારીઆ, ક્રાંતિભાઈ દાના બારીઆ, રમેશ બારીઆ, કાળુ બારીઆ, અભાભાઈ ભયજી, સોમાભાઈ બારીયા સહિત અન્ય ખેડૂતો રાજ્ય સરકાર પાસે પાક નુકશાનીને લઈને સહાયની માંગ કરી રહયા હોય ત્યારે રાજ્યના મુખ્ય મંત્રી ખેડૂતોના હિત માટે હાલની પરિસ્થિતીને ધ્યાનમાં લઈને સર્વે માટે ખેતીવાડી વિભાગને આદેશ કરે તે પણ જરૂરી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

## ગોધરામાં ડોર ટુ ડોર કોન્ટ્રેકટ એજન્સીને નોટિસ ફટકારાઈ

ગોધરા,
ગોધરા નગરપાલિકાના મુખ્ય અધિકારી દ્વારા શહેરના તમામ વોર્ડમાં કચરા કલેકશનને લઈ જતી કોન્ટ્રેક્ટ એજન્સીને યોગ્ય કામગીરી નહિ થતી હોવાને લઈ નોટિસ પાઠવવામાં આવી છે. ગોધરા નગરપાલિકાના મુખ્ય અધિકારીને ગોધરા શહેરમાં ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી કરતી અમદાવાદની શ્રીજી એજન્સીને નોટિસ પાઠવતા જણાવ્યુ હતુ કે, એજન્સી દ્વારા ગોધરા શહેરના વોર્ડ નં–૧ થી ૧૧માં ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં પાલિકા સભ્ય હનીફ કલંદર દ્વારા રજુઆત કરવામાં આવી છે કે, તેઓના વિસ્તારમાં આવેલા ચેતનદાસ પ્લોટ, વચલા ઓડા, ભુખરી પ્લોટ, કાચબા પ્લોટ, અતાલ પ્લોટ, બિદાની પ્લોટ, કુરકુર પ્લોટ, મક્કી મસ્જિદ વિસ્તાર, રગડિયા પ્લોટ, ધંતિયા પ્લોટ, હાફિઝ પ્લોટ, રશીદભાઈ પ્લોટ, મોહંમદી સોસાયટી તેમજ અન્ય વિસ્તારોમાં અઠવાડિયામાં એક વાર કચરાનુ કલેકશન કરવામાં આવે છે. જે રજુઆતને ધ્યાનમાં રાખી મુખ્ય અધિકારીએ શ્રીજી એજન્સીને આખરી ચેતવણી આપતા જણાવ્યુ હતુ કે, વોર્ડ નં–૮ના તમામ વિસ્તારોમાં રોજીંદી કામગીરી કરવામાં આવે અને વિસ્તાર વાઈઝ રહિશોની ફોર્મમાં સહિઓ લાવવી તેમજ તેના રેકર્ડ નગરપાલિકાને બતાવવા. જો તેમ કરવામાં ચુક થશે તો આગામી સપ્ટેમ્બર માસની માસિક બિલમાંથી વોર્ડ નં–૮માંથી આવતી તમામ મિલ્કતોના પૈસા કાપી લેવા અંગે નિર્ણય લેવામાં આવશે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

**સફાઈ અભિયાન અંતર્ગત પખવાડિયાની ઊજવણીના ભાગરૂપે ગોધરા રેલવે સ્ટેશન ખાતે સફાઈ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો પશ્ચિમ રેલવે વિભાગના અઊગ સ્ટેશન માસ્ટરએએ જીવા ઈંધઠ અધિકારી પંકજકુમાર અમીન શેખ સહિત રેલ કર્મચારીઓએ સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો રેલવે સ્ટેશન સંકુલ સહિત રેલવે યાર્ડ રેલવે કોલોની વિસ્તારમાં સફાઈ કરવામાંઆવી હતી સાથે સ્ટેશન સંકૂલ આજુબાજુમાં ચોમાસાના કારણે ફૂટી પડેલી ઝાડી ઝાંખરાઓની પણ સફાઈ કરવામાં આવી હતી. રેલવે સ્ટેશનમાં સ્વચ્છતા જળવાય રહે તે માટે લોકોએ પણ આ અભિયાનમાં સહકાર આપવાની હાકલ વેસ્ટર્ન રેલવે મઝદૂરસંઘના બ્રાન્ચ સેકેટ્રી અમીન શેખ દ્વારા કરવામાં આવી હતી.**

## ગોધરા કલેકટર કચેરી ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા કલેકટર કચેરી ખાતે ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં ભારત સરકાર ના નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા આઝાદી અમૃત મહોત્સવની ઉજવણીમાં ફિટ ઈન્ડિયા ફ્રીડમ દોડનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો જેમાં મુખ્ય મહેમાન તરીકે ગોધરાના ના ધારાસભ્ય સી. કેરાઉલજી, નેહરૂ યુવા કેન્દ્ર સંગઠનના ગુજરાત રાજ્ય નિર્દેશક મનીષાબેન શાહ તથા એન.વાય.કે ના રિટાયેડે ડારેક્ટર શિવદાયાલજી શમો તેમજ નેશનલ યુથ એવોર્ડ અશરફ પટેલની ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવી દોડ પ્રારંભ કર્યો જેમાં ૧૦૦ થી વધારે વિદ્યાર્થી એક સાથે દોડ લગાવી હતી તથા એન.એસ.એસ.ના પીઓ રૂપેશ નાકર અને એનસીસીના પ્રવીણભાઈ પરમાર સહકાર પણ મળ્યો હતો જેમાં વિઠ્ઠલ ચારમોલે જિલ્લા ઓફીસર નેહરૂ યુવા કેન્દ્ર તેમજ અનિતા વર્મા બેન તેમજ દરેક NYV દ્વારા કાર્યક્રમ આયોજન મદદરૂપ કાયે કરી કાર્યક્રમ સફળતા પુર્વક આ આયોજન કરીયું હતું. સર્વે મહેમાન ભાઈબહેનો જિલ્લાના યુવા અધિકારી આભાર વ્યક્ત કર્યો હતો.



## ગોધરાના રામપુર જોડકા પાસે વાહનની અડફેટે આવેલ સ્વાનને ગંભીર ઈજાઓ થતાં ૧૯૬૨ની ટીમ દ્વારા સારવાર કરી જીવ બચાવ્યો

ગોધરા,
તારીખ ૨૫ સપ્ટેમ્બર ના બપોર ના સમયે રામપુર જોડકા (ગોધરા તાલુકો) ની નજીક એક વાહન ચાલકે સ્વાનને અડફેટે લેતાં ખુબજ ખરાબ રીતે લોહીલુહાણ થયું હતું. વાહનની ટક્કરે આવતા સ્વાન ના અંગત ભાગો પર ખૂબ જ ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગામના જાગૃત નાગરિકે ગોધરા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ ને ફોન કરતાં તરત જ ૧૯૬૨ ની ટીમ ના ડોક્ટર ભૌમિક પંચાલ તથા પાયલોટ રાજેન્દ્રભાઈ એ સ્થળ પર તાત્કાલિક પહોંચી ને સ્વાન ને સારવાર આપી સર્જરી કરીને નવજીવન આપ્યું હતું. અબોલ પશુને સ્થળ પર જ તાત્કાલિક સારવાર મળતાં મોતના મુખમાંથી બચાવી લેવામાં આવ્યું હતું અને રાહદારીએ રાહતનો શ્વાસ લીધો હતો.

